# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.13 - Issue 4
April 2020
Price 12/-

વલસાડમાં 'શિવ મહોત્સવ'ના કાર્યક્રમમાં બ્ર.કુ. રંજનબેન, જીલ્લા કલેક્ટર ભ્રાતા સી.આર. ખરસાણ IAS, MLA ભ્રાતા ભરતભાઈ, નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા પંકજભાઈ, મૌલાના અબ્દુલ મનસુરી.

અમદાવાદ મહાદેવનગર ખાતે 'શિવરાત્રી' કાર્યક્રમમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, ઉદ્યોગપતિ કૌશલભાઈ શાહ, મીરાબિંકા સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી ભગિની જીગીશાબેન, ઉદ્યોગપતિ વીસાભાઈ પટેલ.

ભાવનગરમાં 'અલવિદા તનાવ'ના કાર્યક્રમમાં બ્ર.કુ. તૃપ્તિબેન, ભાવનગર યુનિવર્સિટીના VC ભ્રાતા મહીપતસિંહ ચાવડા, સરકારી ડેન્ટલ કૉલેજના ડીન ભ્રાતા હેમંતભાઈ મહેતા તથા બ્ર.કુ. પૂનમબેન.

અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે આયોજીત 'શિવજયંતી' કાર્યક્રમમાં ગુજરાત વિદ્યાપીઠના ડીન ભગિની ડૉ. પુનિતાબેન હર્ણે, બ્ર.કુ. નેહાબેન, પૂર્વ MLA ડૉ. તેજશ્રીબેન પટેલ, બ્ર.કુ. અમરબેન.

વડોદરા અલકાપુરી ખાતે 'શિવરાત્રી'ના કાર્યક્રમમાં શિવપુરાણ કથાકાર ભવાની ભારતી, ગણદેવીકર ઝવેરીના ડાયરેક્ટર ભ્રાતા ગીરીશભાઈ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, ડૉ. અનિલભાઈ બઠીજા.

નવસારીમાં 'શિવજયંતી'ના કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં MLA ભ્રાતા પીયૂષભાઈ, પૂર્વમંત્રી મંગુભાઈ, નગરપાલિકાના ચેરમેન ભ્રાતા પ્રેમચંદભાઈ, BJP પ્રમુખ ભ્રાતા રમેશભાઈ, બ્ર.કુ. ગીતાબેન.

મુંબઈ મલાડમાં 'રુદ્રાક્ષના શિવલીંગ'ની ચૈતન્ય ઝાંખીનું દીપ પ્રજ્જવલન કરતાં મત્સ્યોદ્યોગ અને બંદર વિભાગના કેબીનેટ મંત્રી ભ્રાતા આસમશેખ, બ્ર.કુ. કુંતીબેન બાજુમાં બ્ર.કુ. મીનાબેન.

સુરત વરાછાની 'મહા શિવરાત્રી ઝાંખી'ના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં દર્શના જેમ્સના ભ્રાતા ભૂપેન્દ્રભાઈ, પૂર્વ MLA જનકભાઈ, વિનય જેમ્સના ભ્રાતા વિનુભાઈ, વ્યાપારી ભરતભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન.

ચિલોડામાં 'જીવન દર્શન મેળા'માં પધારેલ BSFના IGP ભ્રાતા જી.એસ. મલિક તથા સુનીતા મલિકને સૌગાત આપતાં બ્ર.કુ. તારાબેન બાજુમાં CRPFના DIGP કે.એમ.યાદવ, બ્ર.કુ.અંબિકાબેન.

રાજકોટ અવધપુરીમાં 'શિવરાત્રી' કાર્યક્રમમાં આદરણીય ભારતીદીદી, પુરુષાર્થ યુવકમંડળના પ્રમુખ કિશોરભાઈ, ડૉ. કીર્તિબેન, કાઉન્સીલર રસિકભાઈ, જૈન અગ્રણી જયેન્દ્રભાઈ, બ્ર.કુ.રેખાબેન.

વડોદરા અટલાદરા ખાતે 'શિવજયંતિ મહોત્સવ'માં લાભ ગ્રુપના બિલ્ડર કમલેશભાઈ, ડૉ. હરીશકુમાર, વુડાના ટાઉન પ્લાનર ભ્રાતા સંજયભાઈ, ઉદ્યોગપતિ ધનકેશભાઈ, બ્ર.કુ. અરુણાબેન.

અમદાવાદ રાજયોગ ભવનમાં 'અમરનાથ'ની ઝાંખી સાથે બ્ર.કુ. ઉષાબેન, BJP ઉપપ્રમુખ ભૂપેન્દ્રભાઈ પંડયા, પ્રભારી BJP ભાવનગર જિલ્લો મહેશભાઈ કસવાલા, પૂર્વ કાઉન્સીલર ભ્રાતા કેયુરભાઈ.

ઊંઝામાં 'મહાશિવરાત્રી મેળા'નું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. વિજયાબેન, ભ્રાતા વસંતભાઈ ચોકસી, ભ્રાતા રમેશભાઈ પટેલ, બ્ર.કુ. ઈજુબેન.

ભૂજમાં આયોજીત 'જ્યોતિર્લિંગ દર્શન' મેળામાં શિવ કથાકાર ભ્રાતા બટુકભાઈ વ્યાસને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રક્ષાબેન.

મુંબઈ વરસોવામાં ભારતીય ફિલ્મ સ્કૉર કમ્પોઝર ભ્રાતા રણજીત બારોઠને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પૂનમબેન.

ગાંધીનગર સેકટર-૩ ખાતે આયોજિત 'અમરનાથ દર્શન'કાર્યક્રમમાં મેયર શ્રીમતી રીટાબેનને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. સુનીતાબેન.

પડધરી 'શિવરાત્રી મહોત્સવ' કાર્યક્રમમાં શિવની આરતી કરતાં ડૉ. વિજયભાઈ પરમાર, મહાદેવના મંદિરના મહંત હેંમતગીરી બાપુ, શિવભક્તો સાથે બ્ર.કુ. જિજ્ઞાશાબેન અને બ્ર.કુ. શીલુબેન.

ગાંધીધામમાં 'શિવરાત્રી' નિમિતે આધ્યાત્મિક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતાં UK સ્થિત મીસીસ ઈન્ડીયા વીનર ભગિની ડોલી અહુજા, આર્મીકેમ્પનાં ગોવિંદસિંહ, બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. સંગીતાબેન.

અમદાવાદ ઘોડાસરમાં ખાતે 'અમરનાથ ઝાંખી'ના ઉદ્‌ઘાટક MLA ભ્રાતા જગદીશભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. જસુમતીબેન.

તલોદમાં 'મહાશિવરાત્રી' કાર્યક્રમના અતિથિ લાયન્સ ક્લબના પ્રમુખ ભ્રાતા સુભાષભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ચંપાબેન.

અમદાવાદ ન્યુ મણિનગર ખાતે 'અમરનાથ' ઝાંખીમાં બ્ર.કુ. સોનલબેન, શ્રીનંદ ગ્રુપના હરેશભાઈ, ફુલાભાઈ, કૉરપોરેટર અતુલભાઈ, BJP બક્ષીપંચ મોરચામંત્રી કિશોરભાઈ, અરવિંદભાઈ.

વ્યારા સેવાકેન્દ્ર ખાતે 'શિવધ્વજારોહણ' કાર્યક્રમમાં બ્ર.કુ. અરુણાબેન સાથે જે.બી.હાઈસ્કુલના આર્ચાય ભ્રાતા નરેશભાઈ, કન્યા વિદ્યાલયના આચાર્ય ભગિની સાધનાબેન, બ્ર.કુ. પ્રીતિબેન, બ્ર.કુ. દીપાબેન.

પેથાપુરમાં 'અમરનાથની ઝાંખી' સાથે નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા રાજુભાઈ, મંદિરના ટ્રસ્ટી ભ્રાતા , બ્ર.કુ. શિલ્પાબેન.

ભંડુરીમાં 'શિવરાત્રી'એ જ્યોતિર્લિંગની મહાઆરતી કરતાં શિવ મંદિરના પુજારી કરશનબાપુ સાથે બ્ર.કુ. રૂપાબેન, બ્ર.કુ. મીતાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૩ | એપ્રિલ-૨૦૨૦ | અંક : ૦૪

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- તપસ્યા ....................તંત્રી સ્થાનેથી ..06
- અમૃતધારા ....................દાદી જાનકીજી ..08
- સંકલ્પ સૌથી મોટી શક્તિ છે.........દાદી હૃદયમોહિનીજી ..09
- સ્થાયી વૈરાગ્યનો આધાર ....................બ્ર.કુ. સૂર્યભાઈ ..10
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..12
- ઈન્ટરનેટ અને અંતરનેટ ....................બ્ર.કુ. ગીતાબેન ..14
- ગુપ્તતા ....................બ્ર.કુ. જયુભાઈ ..16
- ક્રોધ પર નિયંત્રણ ....................બ્ર.કુ. નરેન્દ્રભાઈ ..18
- જીવનને ઉન્નત બનાવનાર - ...........બ્ર.કુ. હેમનાબેન ..22
- નકારાત્મકતા વિરુદ્ધ હકારાત્મકતા ...બ્ર.કુ. કાન્તિભાઈ ..24
- જીવન-ચરિત્ર ....................બ્ર.કુ. મધુબેન ..26
- યોગ-વિયોગ ....................બ્ર.કુ. ગોવિંદભાઈ ..27
- કર્મ કલમ ....................બ્ર.કુ. કેશુભાઈ ..28
- દિવ્યદર્શન ....................બ્ર.કુ. નંદિનીબેન ..30
- કૃપાળુ-કિરતાર ....................બ્ર.કુ. કરમશીભાઈ ..32



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની ભારતીદીદી**


**સ્થાનિક સેવાકેન્દ્ર**


**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460, 2532 4660**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# તપસ્યા

સંસ્કૃત 'તપ' ધાતુ ઉપરથી તપ શબ્દ બને છે. તપનો અર્થ છે તપ્ત થવું. તપસ્યા તપ્ત બનવાની પ્રક્રિયા છે. સ્થૂળરૂપથી જોઈએ તો ખાણોમાંથી નીકળનાર સોનાને, હીરાને શુદ્ધ કરવામાં આવે છે. ત્યારે જ એનાં રૂપ રંગ ચમકી શકે છે. તે ચમકીલું રૂપ જ માનવને આકર્ષિત કરે છે. સૂક્ષ્મરૂપથી જોવામાં આવે તો આત્મા દિવ્યપ્રકાશ સંપન્ન હીરો છે. પણ વિકારોના પ્રભાવથી એનું સત્ત્વ ઢંકાઈ ગયું છે. આત્માઓને વિકારોના પ્રભાવથી મુક્ત કરાવીને સતોપ્રધાન બનાવવાનો પુરુષાર્થ કરવો તે જ તપ છે.

સમયના પરિવર્તનની સાથે સાથે કાર્ય કરવાના તરીકાઓમાં પણ પરિવર્તન આવ્યું છે. પ્રાચીન ઋષિ મુનિઓએ જેવું તપ કર્યું તેવું તપ તો આજ સંભવ નથી. ઘર ગૃહસ્થમાં ન્યારા પ્યારા બનીને કમલ પુષ્પ સમાન પવિત્ર જીવન જીવનાર સાધકોને લૌકિક - અલૌકિક જવાબદારીઓના બે અશ્વ ઉપર સવારી કરવી પડે છે. બંનેનું સંતુલન રાખીને તપ કરવાનું હોય છે. જવાબદારીઓને પૂર્ણ કરી શકાય એવી દિનચર્યાનું આયોજન કરવું પડે છે.

દેહ અને આત્માની અનુભૂતિ કરતાં આપણે સમજીએ છીએ કે આત્મા જ મુખ્ય સ્થાન પર રહે છે. આત્મા જ શરીરના માધ્યમ દ્વારા સર્વ કાંઈ કરે છે. છતાં પણ પુરુષાર્થની સરળતા માટે આપણે અહીં ત્રણ પ્રકારના તપ વિશે જણાવીએ છીએ.

1. માનસિક તપ
2. વાચિક તપ
3. શારીરિક તપ

### માનસિક તપ

મનની ગતિ ઉપર સાધકની ઉન્નતિ કે અવનતિ થાય છે. જો આપણે મનમનાભવનો મંત્ર સાકાર કરવો છે તો સ્થિતિ સંપન્ન રહે છે. પણ દરેક સાધકની મનની ગતિનો ગ્રાફ ભિન્ન ભિન્ન હોય છે. જ્યાં મનને યથાર્થ દિશા અને કાર્ય આપવામાં આવે છે તો સુખ શાંતિની પ્રાપ્તિ થાય છે. પણ મન જ્યારે વિકારોના બંધનમાં બંધાઈ જાય છે ત્યારે જ એની વ્યથા અને કથા શરૂ થાય છે. જે માનવનાં દુઃખ, અશાંતિ અને અસ્વસ્થતાનું કારણ બને છે. તપસ્યા કરવાથી મન નિર્મળ બનાવીએ જેનાથી સર્વગુણો અને શક્તિઓનું પ્રતિબિંબ એમાં દેખાઈ આવે છે.

સર્વ આત્માઓ પ્રત્યે આત્મિક દૃષ્ટિ રાખીને સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત સ્થિતિ રહેવી જોઈએ. જ્યાં દેહધારીઓ સાથે હદનો પ્રેમ અને આકર્ષણ હશે ત્યાં સ્થાયી પ્રસન્નતા રહેશે નહીં. એટલે સર્વ પ્રકારની આસક્તિથી મુક્ત થવું જોઈએ. સુખ સુવિધાઓનાં ભૌતિક સાધન અને આવાસો પ્રત્યે આસક્તિ હોવી જોઈએ નહીં. સેવાનું પણ બંધન હોવું જોઈએ નહીં. પરમાત્માનું કાર્ય છે અને પરમાત્મા કરાવી રહ્યાં છે. હું તો માત્ર નિમિત્ત આત્મા છું. એના માટે મારો આગ્રહ, પૂર્વગ્રહ અને હઠાગ્રહ ના હોવો જોઈએ. આ રીતે બુદ્ધિ સ્વચ્છ હોય, પ્લેન હોય તો ઈશ્વરીય યાદ રહી શકે છે. વર્તમાન સમયમાં તપસ્યાથી લાઈટ અને માઈટ બનીને મનસાસેવા કરવાની તૈયારી કરવાની છે. સમેટવાની શક્તિની તીવ્રતા હશે, તો ઉપરામ વૃત્તિ વધશે. ત્યારે જ અશરીરી અવસ્થામાં સ્થિત રહી શકીશું.

## વાચિક તપ

વાચિક તપ પણ મહત્ત્વપૂર્ણ છે. ઈશ્વરીય મહાવાક્ય છે. થોડું બોલો, ધીરે બોલો, મધુર બોલો. આ વાચિક તપ છે. વાણીથી જ મિત્ર અને શત્રુ બને છે. સાધકની વાણીમાં આત્માઓને દુઃખ, અશાંતિ મિટાવીને એને શીતળતા આપવાની શક્તિ જોઈએ. જો આંતરિક સ્થિતિ સંપન્ન રહેશે, પરિપૂર્ણ રહેશે તો મુખથી મધુરવાણી, અમૃતવાણી નીકળી શકશે. કોઈપણ આત્મા પ્રત્યે ઈર્ષ્યા, દ્વેષ નહીં હોય, સમાનદૃષ્ટિ, શુભ ભાવના અને શુભ કામના હશે, ત્યારે જ વાણીમાં એનું પ્રતિબિંબ દેખાઈ દેશે. વાણીમાં કટુતા આવે છે, ટોન્ટ આવે છે, નિંદા આવે છે એનો અર્થ એ છે કે આંતરિક સ્થિતિમાં કમજોરી છે. પુરુષાર્થમાં ઢીલાપણું છે. કથની અને કરણીમાં ભિન્નતા છે. જ્યારે આપણે વાણીનું ઉચ્ચારણ કરીએ છીએ તો પૂરી સભાનતાની સાથે એના આદિ, મધ્ય, અંતનો વિચાર કરવાનો છે. સમજપૂર્વક, સદભાવપૂર્વક સન્માન અને આદરયુક્ત વાણીના વ્યવહારની ટેવ પાડવી જોઈએ. વાચિક તપમાં સંપન્નતા આવવાથી આપણને અનેક ફાયદાઓ થાય છે. એનાં મીઠાં ફળ આપણે ચાખી શકીએ છીએ.

## શારીરિક તપ

'શરીર માદ્યં ખલુ ધર્મસાધનમ્' અર્થાત્ શરીર જ ધર્માચરણનું માધ્યમ છે. શરીરરૂપી સાધનને પરમાત્માની થાપણ સમજીને એનો સર્વ કર્મેન્દ્રિયો દ્વારા યોગી જીવનનો અનુરૂપ વ્યવહાર હોવો જોઈએ. દેવતાઓનાં સર્વ અંગોને કમળની ઉપમા આપવામાં આવી છે. જેમ કે મુખારવિંદ વગેરે. આ સાધકનું શારીરિક તપ છે. સાધકે જીભના સ્વાદને પણ જીતવો જોઈએ. આસક્તિવશ ભોજન કરવું યા ખાદ્ય પદાર્થો પ્રત્યે લોલુપતા નહીં હોવી જોઈએ. આહાર અને ઊંઘ ઉપર પણ આપણો અધિકાર હોવો જોઈએ. વિશ્વપરિવર્તન માટે દધીચિઋષિની જેમ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવું જોઈએ. આ શારીરિક તપની પરાકાષ્ટા છે.

પતંજલિએ યોગસૂત્રમાં તપનું પરિણામ સારી રીતે બતાવ્યું છે. 'कायेन्द्रियासिद्धिरशु शुद्धिक्षया तपसः' અર્થાત્ તપાચરણથી અશુદ્ધિનો ક્ષય થવાથી શરીર અને ઈન્દ્રિયોની સ્થિતિ પ્રાપ્ત થાય છે. પરમપિતા શિવ પરમાત્માએ દિવ્યસંદેશ દ્વારા થોડા જ શબ્દોમાં ઘણી સારીવાત બતાવી છે. બચ્ચે, હવે સમય પ્રમાણે તીવ્રગતિ પ્રમાણ મન, બુદ્ધિ, કર્મ, સંસ્કાર, સ્વપ્નમાં પણ સર્વ ટેન્શનથી ફ્રી થઈને જ્વાળાસ્વરૂપની વૃત્તિના માધ્યમથી એટેન્શનમાં રહો. તપસ્યાના અગ્નિ દ્વારા અંશ માત્ર પણ જે જૂના સંસ્કાર રહેલા છે તેને ભસ્મ કરીએ. બાપ સમાન સંસ્કાર બનાવવાના છે. હવે યોગનો પ્રયોગ કરી. લાઈટ હાઉસ બનીને લાઈટનાં કિરણો ફેલાવો. પોતાના દરેક ગુણ પર પૂરું ધ્યાન રહે, તો તપસ્યા સ્વતઃ થતી રહેશે. જેટલા જેટલા સર્વ સંબંધી પરમ પિતાપરમાત્માનો સેક્રીન રૂપમાં સર્વ સંબંધોનો રસ લીધો હશે એટલું તપસ્યાનું બળ મળતું રહેશે.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

- **કાયદાની અવગણના કરીને કોઈ બચી શકતું નથી. એવું નથી કે દરેક વ્યક્તિ કાયદો જાણે છે, પરંતુ તે ખબર ન હોવાનું બહાનું જરૂર બતાવે છે.**
- **પોતાનો સંકલ્પ તે સાકાર થાયે તે પહેલાં કોઈને ના જણાવો, નહીં તો તે પૂરો કરવો વધુ પીડાદાયક હશે.**

## અમૃતધારા

# કંઈપણ કહેવા યા વિચારવાને બદલે બાબાની યાદમાં રહો.

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



પોતાના પ્યારા બાબાની તપસ્યાભૂમિ, ચરિત્રભૂમિ, વરદાનોથી ભરપૂર કરનારી ભૂમિ છે. ભૂમિનું જે મહત્ત્વ છે તે અંદર આત્મામાં સમાયેલું છે. આપણે માત્ર ભારતવાસી છીએ એટલું જ નહીં પણ ભારતમાં પણ પરમાત્મા બાપ જ્યારે પૃથ્વી ઉપર આવે છે જ્યાં એમનું અવતરણ થાય છે ત્યાંના આપણે રહેવાસી છીએ. તો કેટલા ભાગ્યશાળી છીએ. આપણા ઈશ્વરીય જ્ઞાનના, શિક્ષણમાં કમાણી છે. આ સંગમ પર બધું સારું સમજણમાં આવી ગયું છે. સતયુગમાં તો નિમિત્ત માત્ર શિક્ષણ છે, માત્ર કારોબાર ચલાવવા. ભણાવનાર પણ નિમિત્ત બનીને ભણાવશે.

અત્યારે બાબાએ મનને શાંત બનાવવાનું શીખવાડ્યું છે. બુદ્ધિને શ્રેષ્ઠ વિચારવાનું શીખવાડ્યું છે. જે ભાગ્યવાન છે તે બાપ (પરમાત્મા)થી આ શીખે. દુનિયા આશ્ચર્ય પામશે કે અરે ! એમને ભણાવનાર ભગવાન હતા પણ અમે ભણ્યા નહીં. સ્વયં પરમાત્માએ એમને ભણાવ્યા છે. તો બાબા આપણી તમોપ્રધાન બુદ્ધિને સતોપ્રધાન બનાવી રહ્યા છે. પહેલાં બનાવે છે સતોગુણી પછી બનાવ્યા સતોપ્રધાન. આ આંખો દ્વારા જ ખબર પડે છે કે બુદ્ધિ ક્યાં સુધી ગ્રહણ કરી રહી છે. ગ્રહણ કરવાનું છે બુદ્ધિને. કાનથી સાંભળવાનું છે. પણ દિલને સારું લાગે છે એટલે ધ્યાન છે, બુદ્ધિમાં બેસે છે. તેથી વ્યર્થ વિચારવાનું, દિલશિકસ્તનું વિચારવાનું સદાને માટે સમાપ્ત થઈ ગયું. કદી એવું ના વિચારો કે ખબર નહીં કંઈક થઈ જાય. આવું ના થઈ જાય. અરે ! નિશ્ચયથી બળ ધારણ કરો. તો મન, બુદ્ધિને સમજાવે છે કે તું નિશ્ચય રાખ. જ્યારે મન મનમનાભવ છે તો બુદ્ધિ નિશ્ચયવાળી હોય છે. પછી મધ્યાજી ભવ સામે આવે છે. તો મધ્યમાં મન અહીં તહીં ફરતું નથી. વમળો વચ્ચે બુદ્ધિ અહીં ત્યાં ભટકશે નહીં. એટલા માટે બાબા કહે છે ઈશ્વરીય શિક્ષણને સાંભળો અને પછી તેને અમલમાં લાવો, ધારણ કરો. એના સિવાય બીજું કામ નથી. એટલે ફ્રી છીએ. અમને ટાઈમ નથી એમ કહેવું તે અકલનું કામ નથી. બાબાએ સમયને સફળ કરવાનું શીખવાડ્યું છે. એટલે એક ઘડી પણ નિષ્ફળ જઈ શકતી નથી. દરેક સંકલ્પ યાદમાં રહેવાનું છે. આ અંદરની ભાવના કે તીવ્ર ઈચ્છા છે. જો અત્યારે બાબાની યાદમાં રહેવાની આદત નહીં પડે તો કેવા હાલ થશે? એવું નહીં કે આ દુનિયાનું શું થશે ? સેવાનું શું થશે, સેન્ટરનું શું થશે. અરે બધું એની મેળે થશે, બાબા કરશે એ ગેરંટી છે. એટલે આપણને કોઈ પણ જાતની ચિંતા નથી. આપણે ફ્રી છીએ. આપણા વિચારવાના, કહેવાથી સારું થશે નહીં. પણ યાદમાં રહેવું તે બાબાની સર્વીસ છે. બાબાનાં બાળકો છીએ એટલે બધું ઠીકઠાક પડ્યું છે. ડ્રામામાં થયેલું જ પડ્યુંછે. છતાં પણ બાબા કહે છે પુરુષાર્થતો કરવો જ પડે છે. સતયુગ આવવાનો જ છે. વિનાશ થશે જ એ જાણવા છતાં બાબા મહેનત કરાવે છે. આમ નથી સાંભળતા તો પણ બાબા કહે છે તમે વિચારશો નહીં. એ કામમાં આવશે. ભલે

(અનુસંધાન પેજ નં. 23 પર)

# સંકલ્પ સૌથી મોટી શક્તિ છે

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, અધિક મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

બાબાએ સંકલ્પશક્તિ વિશે કેટલીક સ્પષ્ટતા કરી છે. આમ પણ જોવામાં આવે તો બધો આધાર સંકલ્પ ઉપર છે. આપણે બોલીએ છીએ, કર્મ કરીએ છીએ પરંતુ પહેલાં તો સંકલ્પ જ ચાલે છે ને. જેવો સંકલ્પ ચાલે છે તેવા મુખમાંથી બોલ નીકળે છે. જેવી દૃષ્ટિ, વૃત્તિ હોય છે તેવાં જ કર્મ હોય છે એટલે બાબા કહે છે કે સંકલ્પશક્તિ સૌથી મોટી શક્તિ છે. અંતમાં આ સંકલ્પશક્તિ જ આપણા કામમાં આવશે. આ સાધનો હતાં નહીં અને રહેશે પણ નહીં. જ્યારથી યજ્ઞની સ્થાપના થઈ છે ત્યારથી જ આ સાધનો નીકળ્યાં છે. આ સર્વ સાધનો સેવા માટે છે. આગળ વધવા માટે નીકળ્યાં છે. પણ આ હંમેશા રહેવાનાં નથી. તો અંતમાં સંકલ્પશક્તિ જ આપણા કામમાં આવશે. ટચીંગ થવી જોઈએ ને. આ ટેલીફોન, ફેક્સ, કોમ્પ્યુટર, ઈ મેઈલ વગેરે કેવું નીકળ્યું છે. આ સર્વ સાધનો શિવબાબાનો સંદેશ આપવા માટે નીકળ્યા છે. પરંતુ સાધના વિના આ સર્વ સાધન નકામાં છે. આપણે સાધનોનો ઉપયોગ કરીએ છીએ પણ સાધનોને વશ થવાનું નથી. સાધનોનો નિમિત્ત કાર્ય માટે ઉપયોગ કરવો પછી ન્યારા બની જવું. તેને વશ થવું નહીં. એટલે બાબાએ આજકાલ સંકલ્પશક્તિ ઉપર બહુ ધ્યાન ખેંચાવ્યું છે. જેનાં મન, બુદ્ધિ અને આત્માની લાઈન ક્લીયર હશે તો આપને એવું લાગશે કે બાબા આપને કંઈક કહી રહ્યા છે. જેમ કે આપણે ફોન ઉપર વાત કરીએ છીએ ત્યારે લાઈન ક્લીયર હોય છે ત્યારે ફોન મળે છે. તો પહેલાં સંકલ્પશક્તિ આપણા કન્ટ્રોલમાં હોવી જોઈએ. છેલ્લે આ મનસા સંકલ્પ જ પાસ વીથ ઓનર બનાવવામાં મદદ કરશે.

જો સંકલ્પશક્તિ કન્ટ્રોલમાં નથી. ક્યારેક અહીં તહીં ફાલતુ સંકલ્પ ચાલે છે તો મનસા સેવા કઈ રીતે કરી શકશો ? પહેલાં આપણું એક ચિત્ર બન્યું હતું. જેમાં વૃક્ષની નીચે એક યોગી બેઠો હતો. યોગ કરી રહ્યો છે. વૃક્ષની ઉપર વાંદરાં બેઠેલાં છે. તેઓ અહીં તહીં કૂદકા મારી રહ્યાં છે. તો એ ચિત્રમાં જણાવ્યું હતું કે મન પણ વાંદરાની જેમ એક પળમાં ક્યાં પહોંચી જાય છે. આ તો સર્વનો અનુભવ છે. આપ જ્યાં ના પહોંચી શકો ત્યાં સંકલ્પશક્તિથી પહોંચી શકો છો. તો બાબાએ આપણ સર્વને એ ધ્યાન ખેંચાવ્યું છે કે શક્તિ ઉપર ધ્યાન રાખો. સંકલ્પશક્તિ ઉપર ધ્યાન રાખો. સંકલ્પશક્તિ સૌની પાસે છે. પણ આપણે તેનો ઉપયોગ ક્યાં કરીએ છીએ. સંકલ્પશક્તિ શુભ તરફ વાપરીએ તો તે જમા થાય છે. વ્યર્થમાં કરીએ છીએ તો તે સારું કે ખરાબ નથી. જો ખરાબ સંકલ્પ કરીએ છીએ. તો શક્તિ ગુમાવીએ છીએ. સંકલ્પ એક શક્તિ છે. જેમ સ્થૂળ ધન પણ એક શક્તિ છે. કોઈને ધનનો સારો ઉપયોગ કરતાં આવડે છે તો તે મોજ કરે છે. તે માત્ર એમ જ બેંકમાં પડેલા રહે છે. અને તે એમ જ મરી જાય છે. તો ધન વ્યર્થ જાય છે. ધન ગુમાવીએ છીએ, તો નુકસાન થાય છે. આવી જ રીતે સંકલ્પશક્તિ પણ એક મોટો ખજાનો છે. એનાથી આપણે જે ઈચ્છીએ તેવું ભવિષ્ય બનાવી શકીએ છીએ. જો સંકલ્પશક્તિ ઉપર આપનો કન્ટ્રોલ છે તો સમજો સર્વશક્તિઓ ઉપર કન્ટ્રોલ છે.

**॥ ઓમશાંતિ ॥**

# સ્થાયી વૈરાગ્યનો આધાર ઈશ્વરીય સુખ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

આ ધરા પર એક દિવસ એવો આવશે કે ચારે બાજુ વૈરાગ્યની લહેર ફેલાઈ જશે. પ્રત્યેકના મનમાં સમાયેલો રાગ, વૈરાગ્યની આગમાં સળગીને નષ્ટ થઈ જશે. ક્ષણિક સુખો પાછળ દોડનારની દોડ ધીમી પડી જશે અને પ્રત્યેક મનુષ્યોને વિષયવાસનાની નશ્વરતાનો અભ્યાસ થશે. ત્યારે સૌ ઈશ્વરીય માર્ગ પર ચાલશે અને પોતાના પરમપિતા પાસેથી મુક્તિ તથા જીવનમુક્તિનું વરદાન મેળવવા માટે ઉત્સુક બનશે.

પરંતુ આ સર્વ ક્યારે અને શા માટે થશે ? આપણે જાણીએ છીએ કે વૈરાગ્ય વિના સંપૂર્ણતા પ્રાપ્ત થશે નહીં. કારણ કે વિભિન્ન પ્રકારના રાગ (આસક્તિઓ) જ બુદ્ધિને ભ્રમિત કરે છે. અને જ્યાં સુધી બુદ્ધિયોગ સ્થિર નહીં બને, તો વિકર્મ વિનાશ થશે નહીં, તો આત્માઓ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરી શકશે નહીં.

થોડા જ સમય પછી પ્રકૃતિ જ્યારે વિનાશનું તાંડવનૃત્ય કરવા લાગશે, ત્યારે મનુષ્યોને લાગશે કોણ જાણે ક્યારે આ સંસારથી વિદાય લેવી પડશે? ત્યારે એમને અનુભવાશે કે ધન અને વૈભવ, મનુષ્ય અને પદ તેને સહારો નહીં આપે, ત્યારે એમની બુદ્ધિનું ખેંચાણ સાચા સહારા જ તરફ જ હશે.

પરંતુ યોગયુક્ત આત્માઓનો વૈરાગ્ય ઘટનાઓ ઉપર આધારિત નહીં હોય કારણ કે ઘટનાઓ પર ટકેલો વૈરાગ્ય ઘટનાઓ બદલાતાં લુપ્ત થઈ જાય છે. જેમનો વૈરાગ્ય જ્ઞાનયુક્ત અને અનુભવોના આધાર પર ટકેલો હોય છે એવા મહાન યોગીઓનો વૈરાગ્ય જ સંસારમાં વૈરાગ્યની લહેર ફેલાવશે.

સૃષ્ટિના અંતિમ સમયમાં તો સર્વને વૈરાગ્ય આવશે પરંતુ ત્યારે પુરુષાર્થનો વધારે સમય નહીં મળે. ભય અને અશાંતિના વાતાવરણમાં તીવ્ર ગતિથી સાધના પણ નહીં થઈ શકે. એટલે સમય પહેલાં ઉત્પન્ન થયેલા વૈરાગ્યનું મહત્ત્વ છે. સમય પર વૈરાગ્ય જન્મશે, તો તેનો વધારે લાભ નહીં મળે.

### રાગનું કારણ શું છે ?

જ્યાં પણ નજર નાખો ત્યાં દરેક પ્રાણી ક્યાંક ને ક્યાંક આસક્ત છે. ક્યાંકને ક્યાંક મૂંઝાયેલો છે. કલિયુગના આ સંપૂર્ણ પ્રભાવના સમયમાં જ્ઞાની અને યોગી ક્યાંકને ક્યાંક આસક્ત થઈ જાય છે. કોઈ વૈભવના સુખોમાં તૃપ્ત થઈ રહ્યા છે તો કોઈ મનુષ્યોના પ્રેમને જ સર્વ પ્રાપ્તિ સમજી રહ્યા છે. કોઈની દોડ માનશાનની પાછળ છે, તો કોઈક અલ્પકાલીન પ્રાપ્તિઓને જ સુખોનું સાધન માની રહ્યા છે. કે આમાં સાચી સંતુષ્ટતા નથી. પરંતુ આ રાગ વધ્યો કેમ ? એની શરૂઆત થઈ દેહઅભિમાન વધવાથી. દેહની જરૂરિયાતો પૂરી કરવા મનુષ્યે, તન, મન, ધન તથા શક્તિઓ ખર્ચી દીધી એટલે તે પદાર્થોમાં આસક્ત થઈ ગયો. સંસારની પ્રાપ્તિઓને સર્વસ્વ માનવાની ભૂલે જ એના રાગમાં વૃદ્ધિ કરી. જો કે આ સંસારમાં અનેક મનુષ્યો એ જાણે છે કે જેના માટે એણે

રાતદિવસ મહેનત કરી તેઓ સમય પર કામમાં આવ્યાં નથી. આ રીતે મારાપણું પણ રાગ ઉત્પન્ન કરે છે. પદાર્થો અને વૈભવોનો ભોગ પણ રાગમાં વૃદ્ધિ જન્માવે છે. ઈચ્છાઓ અને તૃષ્ણાઓ રાગ જન્માવે છે. યોગીઓએ પોતાના ઉપર એ ધ્યાન રાખવાનું છે કે પોતાના મહાન લક્ષ્યને ભૂલીને ક્યાંક તેઓ રાગયુક્ત બની ગયા નથી ને ?

આપણે એ નહીં ભૂલવું જોઈએ કે એકવાર જન્મેલો રાગ ફરી વૈરાગ્યમાં, ઘણા સમય પછી બદલાય છે. વૈરાગ્ય ત્રણ પ્રકારનો છે. સતો, રજો, તમો. આમતો આજ સુધી લોકો સમજતા હતા કે વૈરાગ્ય સંન્યાસીઓ માટે છે. તેમાં આપણે શી લેવા દેવા ? પણ ઈશ્વરીય જ્ઞાનની એ મહાનતા છે કે એણે ગૃહસ્થમાં રહેનારાઓને પણ વૈરાગી બનાવી દીધા.

## સતોપ્રધાન વૈરાગ્ય

જે જીવનના મહાન લક્ષ્યને પામવા માટે જ્ઞાનયુક્ત થઈને કરવામાં આવે છે. તે સતોપ્રધાન વૈરાગ્ય છે. આ વૈરાગ્ય સ્થાયી હોય છે તે કદી 'રાગ'માં પરિવર્તિત થતો નથી. કદાચ થોડો પણ રાગ ઉત્પન્ન થઈ જાય, તો તે સત્વરે વૈરાગ્યમાં સામેલ થઈ જાય છે. બ્રહ્માબાબાનો વૈરાગ્ય તથા કેટલાક મહાન પુરુષોનો વૈરાગ્ય આ પ્રકારમાં આવે છે.

## રજોપ્રધાન વૈરાગ્ય

કેટલીક ઘટનાઓના કારણે જન્મે છે તે રજોપ્રધાન વૈરાગ્ય છે. મોટે ભાગે લોકો મહાત્મા બુદ્ધના વૈરાગ્યને રજોપ્રધાન વૈરાગ્ય કહે છે. પરંતુ આમ નથી. એમના મનમાં ઘટનાઓને કારણે વૈરાગ્ય જન્મ્યો નથી. વૈરાગ્યનાં બીજ તો એમની પાસે પહેલાંથી જ હતાં. ઘટનાઓ એ તો તેમને અંકુરિત કર્યાં. એટલો મહાત્મા બુદ્ધના વૈરાગ્યને તો પ્રથમ શ્રેણીમાં જ રાખી શકાય. કારણ કે એમનો વૈરાગ્ય કદી રાગમાં બદલાયો નથી. રજોપ્રધાન વૈરાગ્યને રાગમાં બદલાવવાની પરિસ્થિતિ આવે છે.

## તમોપ્રધાન વૈરાગ્ય

મનુષ્ય ઘરથી દુ:ખી થઈને મોટી હાર થવાને કારણે પરસ્પર સંઘર્ષોને કારણે, મનુષ્યનું મૃત્યુ જોઈને વૈરાગ્યનો અનુભવ કરે છે. અને કેટલાક લોકો આ રીતે સંન્યાસ લઈ લે છે. પરંતુ આ વૈરાગ્ય લાંબો સમય ટકતો નથી. એટલે અનેક સંન્યાસી ફરીથી જ્યાં ત્યાં આસક્ત થયેલા જોવા મળે છે. આવા વૈરાગ્યને કારણે પાછળથી તેઓ પસ્તાય છે કે અમે ભાવાવેશમાં આવીને આવો નિર્ણય લીધો.

જેની પાસે ઈશ્વરીય જ્ઞાન છે એણે જ્ઞાનયુક્ત વૈરાગ્ય ધારણ કરવો જોઈએ. જેથી વૈરાગ્ય સ્થાયી રહે, સુખદાયી રહે. મોટેભાગે લોકોની માન્યતા એવી છે કે વૈરાગ્ય જીવનને શુષ્કતાના માર્ગ તરફ લઈ જાય છે પરંતુ આમ એમને જ થાય છે જેઓનો વિવેકયુક્ત વૈરાગ્ય નથી. વૈરાગ્ય પછી તેઓ ઈશ્વરીય સુખોના અનુભવમાં રહેતા નથી. જો થઈ ગયા છે તો શીખવાનું જ બંધ કરી દે છે. તો એનો વિકાસ કઈ રીતે થશે ?

તેથી અધ્યાત્મના પુરુષાર્થીનું સૌથી પહેલાં એ વાત ઉપર ધ્યાન જવું જોઈએ કે હજુ ઘણું શીખવાનું છે. જેની પાસેથી જે કંઈ સારી વાત મળે તેને ધારણ કરવી જોઈએ. આ સમગ્ર જીવન જ અંત સુધી શીખવા માટે જ છે.

## ગુણગ્રાહકતાનો અભાવ

શીખવાનો એક રસ્તો એ છે કે ગમે તેની પાસેથી કોઈ સારી વાત સાંભળવા અને સમજવા

(અનુસંધાન પેજ નં. 13 પર)

### પ્રસન્નતાના પથ પર

# આપણાં બાળકોને આપણે શું આપી રહ્યા છીએ ?

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આજે બીમારીઓ વધી રહી છે. ડિપ્રેશન વધી રહ્યું છે, સંબંધો બગડી રહ્યા છે એનું કારણ આપણી પાસે જે શક્તિ હતી તે ઓછી થઈ રહી છે. ઘણા બધા લોકો આવે છે, મને મળે છે. કેટલાંક દંપતી આવે છે તેઓ ફરિયાદ કરે છે કે હવે અમે એક બીજાંને ગમતાં નથી તેથી સાથે રહી શકીએ તેમ નથી. એ વિચારવા જેવી વાત છે કે આવું કેમ બની રહ્યું છે ? આ સંબંધોને વ્યવસ્થિત કરવાની જરૂર છે. આવનારી પેઢી તો એમ કહેશે કે જે સારું લાગે તે કરો. શું સમાજમાં આ પહેલાં આવી પરિસ્થિતિ હતી ? અમે તો અમારાં માતાપિતા કહેતાં હતાં તે પ્રમાણે કરતાં હતાં. તો એવું શું થઈ ગયું કે વિચારધારાને પડકારવાની શક્તિ ક્યાંથી આવી ગઈ ? જીવનમાં જે પડકારો આવ્યાં, જે પરિસ્થિતિ આવી તેનો સામનો કરીએ છીએ. એની સાથે પરિસ્થિતિઓ સાથે તાલમેલ કરવાની શક્તિ આવી ગઈ. લગન વખતે જણાવ્યું હતું કે તારે તારા પતિની સાથે રહેવાનું છે. શ્વસુરગૃહમાંથી રીસાઈને પિયર પાછું આવવાનું નથી. આ વાતો સમજાવવાથી આંતરિક મનોબળ વિકસતું રહ્યું. શક્તિ વધતી ગઈ.

પહેલાં કોઈ વાતને કારણે અલગ થયા હોઈશું. આજે તો નાની નાની વાતોમાં મતભેદ પડતાં અલગ થઈ જાય છે. હવે તો એવું વાતાવરણ બન્યું છે કે પિયરઘર પાછા આવી શકીએ છીએ.

પહેલાં કોઈ મોટી વાતને કારણે અલગ થયા હોઈશું. અત્યારે તો નાની નાની વાતોમાં અલગ થઈ રહ્યા છીએ. આજથી વીસ વર્ષ પહેલાં આવું બનતું નહોતું.

આપણાં બાળકોને આપણે સૌથી વધારે જરૂરી ચીજ કઈ આપવી છે ? શું માત્ર બેંકમાં પૈસા જમા કરી દેવાથી બાળકો અને પરિવાર સફળ થશે ? શું આ સંભવ છે ? ધન કમાવાથી જ બધું મળી જાય એવું બનવાનું નથી. આપણે ધન કમાવાની સાથે બાળકોની આંતરિક શક્તિ વિકસે તે જોવું જોઈએ. બે મિનિટ યોગમાં બેસીને વિચારીએ કે મેં મારા પરિવાર માટે શું કર્યું છે ? તેઓ જે વસ્તુ માગે તે પહેલાં તેમને મળી જતી હતી. મેં કમાઈને આપ્યું છે. મારી મહેનતનું આપ્યું છે. મેં મારા પરિવારને સુખ આપવા સવારથી સાંજ સુધી મહેનત કરી છે. જેથી હું મારા પરિવારને આરામ આપી શકું. હવે મારે મારા પરિવારને આંતરિક શક્તિ આપવી છે. આંતરિક શક્તિ, સંસ્કાર પરિસ્થિતિઓનો સામનો કરી શકે તેવી તાકાત આપવાની છે. લોકો સાથે એડજેસ્ટ કરવાની તાકાત, મુશ્કેલીના સમયમાં શાંત રહેવાની તાકાત, નિષ્ફળતા મળવા છતાં શક્તિશાળી બનવાની તાકાત, પોતાના સંબંધોને પ્રેમ અને સન્માનથી નિભાવવાની તાકાત, મારે એમનામાં જમા કરવાની છે.

આ તાકાત હંમેશાં એમને સારી તંદુરસ્તી આપશે, એમને ખુશી મળશે. સુંદરતા આપશે અને જેની પાસે આ ત્રણ ચીજો આવશે તેની સફળતા નક્કી જ છે.

આપણામાં જે જે છે તે આપણી ઉર્જા છે. ઉર્જાને કારણે આપણી પાસે ઓરા નક્કી થાય છે. તે તમારા હાલતાં ચાલતાં તમારી સાથે રહે છે. હવે જો મારી પાસે એડજેસ્ટ કરવાની તાકાત નથી. હું નાની નાની વાતોમાં ચીડાઈ જાઉં, હું નાની નાની વાતોમાં ડીસ્ટર્બ થઈ જાઉં, ગુસ્સો કરું તો મારો ઓરા કેવો હશે ? જ્યારે આપણે દેવી - દેવતાઓની મૂર્તિઓ જોઈએ છીએ તો મસ્તકની આસપાસ ગોળગોળ ઓરા દેખાય છે. એમનું જે વર્તુળ હોય છે તે કલરનું હોય છે. દેવી દેવતાઓ પાસે સફેદ રંગના ઓરા હોય છે. જે બિલકુલ સચ્ચાઈ, સફાઈવાળા હશે તેમનો જ ઓરા સફેદ હશે. તેઓ બહુ પૂજનીય હશે. એમની આગળ ગમે તેવા સંસ્કારવાળો ભક્ત આવશે છતાં પણ તેઓ આશીર્વાદ જ આપશે. પોતાને કામી, ક્રોધી, કપટી કહેનારને પણ આશીર્વાદ આપશે. એનું કારણ એ છે કે એમના સંસ્કારમાં ચીડિયાપણું, ચિંતા કરવી, પરેશાન થવું, નારાજ થઈ જવું આ સર્વ નથી. તે માત્ર તમને આપે છે.

જો આપણે આપણાં બાળકો સાથે સમય વીતાવતા નથી એમ કહેવું અજીબ લાગે છે. એનો મતલબ એ કે આપણે નકારાત્મક ઉર્જા આપી રહ્યા છીએ. જે આખો દિવસ ઘરમાં મળતું નથી તે મંદિરોમાં જઈને મળે છે. આપણામાં એટલી શક્તિ છે જેને જાગૃત કરવાની જરૂર છે.

જો આપણે બાળકો સાથે વધારે સમય વ્યતીત કરતા નથી, તો આપણે જ્યાં પણ હોઈએ ત્યાંથી બાળકોને ઉર્જા મોકલી શકીએ છીએ. આ તમામ બાબતોથી, ચિંતાઓથી, પરેશાનીઓથી, ઈર્ષ્યા દ્વેષથી આંતરિકશક્તિનો ઓરા ભારે બને છે. જો આપણે આપણાં બાળકોને સશક્ત બનાવવાં છે તો આપણો ઓરા સફેદ રંગ સુધી લઈ જઈએ છીએ. આપણા સંસ્કારોના પ્રભાવથી એમના સંસ્કાર વિકસિત થતા જશે.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 11નું અનુસંધાન)...સ્થાયી વૈરાગ્યનો**

મળે તો આપણે અભિમાનમાં આવીને યા ગમે તેવું અર્થઘટન કરીને તેનો તિરસ્કાર ના કરીએ. પણ એ જણાવનારનો હાર્દિક આભાર માનતાં કહેવું જોઈએ કે અમે એ વાત ઉપર ધ્યાન આપીશું અને ખરેખર એ વાતો ઉપર ધ્યાન આપીએ. બીજો રસ્તો એ છે કે કોઈ આપણને મૌખિક રીતે કોઈ એવું જ્ઞાન મોતી યા ગુણરત્ન ન આપે તો પણ આપણે વ્યવહારમાં દરેક પાસેથી ગુણ લઈએ. અને એના ગુણની ચર્ચા પણ કરીએ. જો આપણે ગુણ નહીં લઈશું તો અવગુણ લઈશું અને તેનાથી પતન થશે. પ્રગતિ તો થશે નહીં.

## ટાળવાની આદત

આપણી પ્રગતિ ન થવાનું એક કારણ એ પણ છે કે આપણે એમ માનીને ચાલીએ છીએ કે આગળ જતાં આપણા સંસ્કારોને બદલીશું. પરિસ્થિતિઓ જ એવી આવશે કે બધા બદલાશે. ત્યારે આપણે પણ બદલાય જઈશું. ત્યારે અમે ખૂબ યોગ કરીશું. અમે એવો તીવ્ર પુરુષાર્થ કરીશું કે લોકો જોતા જ રહી જશે. આ પ્રકારના વિચારથી મનુષ્ય પુરુષાર્થને મુલતવી રાખે છે અને પરિણામ એ આવે છે કે સમય હાથમાંથી ચાલ્યો જાય છે. જે કરવાનું છે તે ટાળીએ નહીં. નહીંતર આળસ અને અલબેલાપણું ઘણું નુકસાન કરશે. જો આપણે આ વાતો ઉપર ધ્યાન આપીશું, તો પરમાત્મા સાથે આપણું ધ્યાન લાગશે.

**॥ ઓમશાંતિ ॥**

# ઈન્ટરનેટ અને અંતરનેટ

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસમાં 'ઈન્ટરનેટ' નામે એક વિશ્વવ્યાપી જાળ બિછાવી દીધી છે જેનાથી દુનિયાના એક ખૂણામાં બેઠેલા આપણે દુનિયાભરની વાતોને જાણીને જાણકાર બની શકે છે. એક સમયની અતિ અજાણ વ્યક્તિ તેના માધ્યમથી આજે અતિ જાણકાર વ્યક્તિ બની ગઈ છે.

### નવો આધાર શોધવાની જરૂર છે.

ધર્મ, વિજ્ઞાન, સંસ્કૃતિ, કૃષિ, ઈતિહાસ, રાજનીતિ, ભૂગોળ આદિ સર્વક્ષેત્રોનું જ્ઞાન આપણને ઈન્ટરનેટના માધ્યમથી ઘર બેઠાં પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણને અનેક પુસ્તકો શોધવાની યા પુસ્તકાલયોમાં જવાની જરૂર નથી. છતાં પણ ઈન્ટરનેટની સુવિધા એ સાધનો અને ટેકનોલોજી પર આધારિત છે. જે પ્રકૃતિ સાથે સંબંધિત છે. સ્વાભાવિક છે કે આ વ્યવસ્થા ગમે ત્યારે બગડી શકે છે. નિષ્ફળ થઈ શકે છે. હલચલની પરિસ્થિતિઓ અને અનિશ્ચિતતાના દોરથી આપણે પસાર જ થઈ રહ્યા છીએ. મનુષ્ય જ સુવિધાનાં સાધન બનાવે પણ છે અને બગાડે પણ છે. હવે પરિસ્થિતિ પહેલા જેવી સ્થિર રહી નથી. વિશ્વ એક તીવ્રગતિના પરિવર્તનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે. આવશ્યકતા છે આપણે કોઈ નવા આધાર શોધવાની. મનની જે દશાથી અને કર્મોના જે સ્તરથી આપણે સમસ્યાઓ ખડી કરી છે એ સ્તર પર આપણને સમાધાન મળી શકશે નહીં.

### આંતરિક ક્ષમતાનો વિકાસ જરૂરી

માનવમન, માનવબુદ્ધિ પણ તમોપ્રધાન બની ગયાં છે. આ કારણથી ક્યારે પણ આ વ્યવસ્થા પડી ભાંગે છે. જેટલાં સુખનાં સાધન બનાવવામાં આવ્યાં છે, તમોપ્રધાન મનુષ્ય એટલો જ દુઃખનાં, પીડાનાં, દર્દનાં રસ્તા તથા રીતો કાઢીને જીવનની પરેશાનીઓ વધારી રહ્યો છે. વ્યક્તિ જેટલી બાહ્ય સાધનો પર આધારિત થઈ જાય છે એટલી જ પોતાની આંતરિક ક્ષમતા ગુમાવી બેસે છે કારણ કે બાહ્ય સાધનોથી કાર્ય થઈ જાય છે તો તે પોતાના આંતરિક વિકાસને મહત્ત્વ આપતો નથી. સ્વાભાવિક છે કે એનું આંતરિક સ્વરૂપ કુંઠિત થઈ જાય છે. સાધનોનો સહારો ગમે ત્યારે દગો આપી શકે છે એટલે પોતાની નૈસર્ગિક ક્ષમતાઓના વિકાસની જરૂર છે. આપણું અંતર્મુખી મન જ અંતરનેટનું કામ કરી શકે છે. આપણું આંતરિક ચૈતન્ય આત્મસ્વરૂપ જેટલું શુદ્ધ, શાંત, એકરસ હશે એટલું આપણે પરિસ્થિતિઓ અને વ્યક્તિઓના પૂર્ણ સંકેતો ઝીલી શકીશું, સમજી શકીશું.

### અંતરનેટની સુવિધા પ્રકૃતિએ સૌને આપી છે.

દરેક વ્યક્તિનાં પોતાનાં વાયબ્રેશન હોય છે. દરેક પરિસ્થિતિના પોતાના પૂર્વ સંકેત હોય છે. વરસાદ આવવાનો હોય છે તો આકાશમાં વાદળ બંધાવા લાગે છે. સવાર થવાની હોય છે તો આકાશમાં લાલિમા છવાય જાય છે. રાત પડવાની હોય છે ત્યારે અંધકાર છવાય જાય છે. કોઈ વ્યક્તિ આવે ત્યારે આનંદ છવાય જાય છે અને કોઈના આવવા પર વાતાવરણ ગંભીર બની જાય

છે. કોઈને ઓળખતા ન હોવા છતાં પોતાનાપણું અનુભવ કરીએ છીએ અને સંબંધોમાં બંધાયેલા હોવા છતાં કોઈની સાથે દૂર હોવાનો અનુભવ થાય છે. દરેક વ્યક્તિનું પોતાનું આંતરિક વાતાવરણ હોય છે. જે વાયબ્રેટ થતું રહે છે.

પ્રાકૃતિક પરિવર્તનનાં પ્રકંપનોને પશુ-પક્ષી જલ્દી પકડી લે છે. અને તેઓ ત્યાંથી દૂર જઈને પોતાનો બચાવ કરી લે છે. પરંતુ માનવનું મન મલિન છે, વ્યર્થથી ભરેલું છે તો તે એ ગડમથલમાં રહ્યા કરે છે અને પ્રાકૃતિક યા વ્યક્તિના સંકેતને પકડી શકતો નથી. આ કારણે મોટી સંખ્યામાં જાનહાનિ થાય છે. કુદરતે સર્વ મનુષ્યાત્માઓને અંતરનેટની સગવડ આપી છે તે એવી સુવિધા છે, જે માનવ સર્જિત હલચલની પરિસ્થિતિઓ હોય યા પ્રાકૃતિક આપદાઓની સ્થિતિ, કદી પણ ક્ષતિગ્રસ્ત બનતી નથી.

## શુદ્ધ પરિસ્થિતિ મદદ કરે છે

આપણું અંતરમન જેટલું સાફ હશે એટલું જ આપણે તે સંકેત, પ્રેરણાઓ સ્પષ્ટરૂપથી પકડી શકીશું. જેમ જળાશયનું પાણી જો મેલું હશે અને હલી રહ્યું હશે તો એમાં કોઈ પણ પ્રતિબિંબ સ્પષ્ટ દેખાશે નહીં. એ રીતે જ, ચંચળ અસ્થિર મનથી આપણે ઈશ્વરની પ્રેરણાઓ અને મહાત્માઓના ઈશારાઓને ગ્રહણ કરી શકીશું નહીં. આજે જ્યારે સંસાર અસુરક્ષાના દોરથી પસાર થઈ રહ્યો છે તો માનવ સંચાલિત, પ્રકૃતિ પ્રદત્ત, સાધન મંડિત સંદેશના લેણદેણની પદ્ધતિઓ કદી પણ નિષ્ફળ થઈ શકે છે. આવી અસહાય-નિરાધાર સ્થિતિમાં આપણે સ્વયંને જ પરખવાનું અને નિર્ણય કરવાનું હોય છે. એ સમય સત્ય, પવિત્ર, શુદ્ધ મનોસ્થિતિ જ આપણને મદદ કરે છે. કોઈના દ્વારા આપેલ સલામતી માર્ગદર્શનના સંકેતને પણ આપણે આ મદદથી પકડી શકીશું યા દૃઢમનોબળથી આપવામાં આવેલા ઈશારાઓ બીજાઓ સુધી પહોંચાડી શકીશું.

## વાઈસલેસ (Viceless) અહંકાર મુક્ત (Egoless) સ્થિતિ

ખરેખર આ સુંદર સંસારમાં આજે પણ આપણે સર્વાંગીણ સુરક્ષાની આંતરિક સુવિધાથી સંપન્ન છીએ. આપણું જીવન ઉપેક્ષિત યા દયનીય દશાનું નથી પણ આપણું જીવન ગૌરવ સંપન્ન અને સ્વનિર્ભર છે. જેમ પ્રકૃતિ પર મન એકાગ્ર કરવાથી વિજ્ઞાનનું જ્ઞાન પ્રાપ્ત થયું અને પ્રાકૃતિક જગતના સૂક્ષ્મ સિદ્ધાંતોને આધારે વાયરલેસ કોડલેસ જેવા સાધનોની સુવિધાઓ મળી. આ પ્રકારે માનવ મનના આત્માભિમાની તથા પરમાત્માભિમાની બનવાથી વાઈસલેસ, ઈગોલેસની સ્થિતિ આપણને પ્રાપ્ત થાય છે. એનાથી સ્વચ્છ-સત્ય મનબુદ્ધિ બનવાથી બીજાઓના મનના ભાવોને સ્પષ્ટ વાંચી શકીએ છીએ. એમના સંકલ્પ આપણને પહોંચી શકે છે. અને આપણે પણ દૂરનાં સ્થાનો પર શક્તિશાળી મનઃ સ્થિતિના સંદેશ મોકલી શકીએ છીએ. જેમ અંતરિક્ષના ઊંચા સ્થાન પર મોકલવામાં આવેલા ઉપગ્રહોના માધ્યમથી વિહંગાવલોકન કરી શકીએ છીએ, તસ્વીરો ખેંચી શકીએ છીએ અને મોટા પાયા પર સંદેશ મોકલાવી શકીએ છીએ આ રીતે, જ્યારે આપણે મન બુદ્ધિને દુન્યવી, દૈહિક, ભૌતિક વાતોથી ઉપર ઉઠાવી લઈએ છીએ અને પરમશક્તિના ચિંતનમાં લગાવીએ છીએ તો આ ઊંચી આત્મસ્થિતિનાં વિચાર તરંગોના માધ્યમથી ઈશ્વરીય સંદેશ, શુભભાવના, યોગશક્તિના તરંગો મોકલી શકીએ છીએ.

## સત્-અસતની પરખ

આપણી આંતરિક શક્તિથી બીજાઓનાં

(અનુસંધાન પેજ નં. 23 પર)

# ગુપ્તતા

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

માનવસંબંધોની નિકટતા, સમીપતા, ગુપ્તતા પર અવલંબિત હોય છે. એટલે કે બે વ્યક્તિ વચ્ચે જ્યારે ગુપ્ત રાખવા જેવું કંઈ રહેતું નથી ત્યારે તે વધુ સમીપ કે નિકટ છે એવું કહી શકાય પરંતુ ગુપ્તતાના આ તત્વના મૂળમાં ક્યાંક વિશ્વસનીયતા મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલે એમ કહી શકાય કે જ્યાં અવિશ્વાસ છે ત્યાં ગુપ્ત રાખવાનું જરૂરી બને છે.

રોજબરોજના જીવનમાં મનુષ્ય ઘણી બધી વાત ગુપ્ત રાખે છે. જેમ કે કોઈ વાત, સમાચાર, સંદેશ, સમય, સ્થાન વ્યક્તિ કોઈ ઘટના કે કાર્ય વિષે અન્યને જાણ કરતો નથી. કદાચ એમાં કંઈ અકલ્યાણ થવાનો ડર છે. ક્યારેક એ વાત પોતાને જ ખબર છે એવું સ્વયંનું મહત્ત્વ બતાવવા તો ક્યારેક અચાનક જાણ કરીને આનંદ મેળવવાનો પણ તેમાં આશય હોય છે. ઘણીવાર ફરજના ભાગ રૂપે પણ જવાબદાર વ્યક્તિ પ્રત્યે ગુપ્તતા જાળવવા ફરજ પાડવામાં આવે છે. બીજી બાજુ પારદર્શિતાને જીવનમૂલ્ય કે ગુણ તરીકે પ્રાધાન્ય અપાય છે. જ્યારે કોઈના જીવન વિષે મહિમા થતી હોય ત્યારે કહેવાય છે એમનું જીવન ખુલ્લી કિતાબ જેવું હોય છે. આરપાર જોઈ શકાય એવું હોય છે. ઘણી વાર બનેલી ઘટના પર પડદો પાડી સત્યને બહાર આવવા દેવાતું નથી આમ છુપાવીને કે સંતાડીને કરવામાં આવતી પ્રવૃત્તિ નિંદનીય અને ક્યારેક દંડનીય બને છે. સમાજમાં આવી વ્યક્તિ સજાને પાત્ર બને છે, પદભ્રષ્ટ પણ થાય છે. આમ ગુપ્તતા ક્યાં ક્યારે અને કેટલી રાખવી એ સમજવાની જરૂર છે. વ્યક્તિથી માંડી વિશ્વ સુધી ગુપ્તતાનો ઉપયોગ ઢાલ તરીકે કે રક્ષણ માટે થવો જોઈએ.

વ્યક્તિના વર્ણનની શરૂઆત કરીએ તો વ્યક્તિએ કરેલા દાન, સત્કાર્યો, સહયોગ કે મદદ જેવાં કર્મો જાહેર થતાં તેનું ફળ અડધું થઈ જાય છે. ગુપ્ત રાખવું જોઈએ એવી ધાર્મિક માન્યતા છે.

કોઈપણ વ્યક્તિની કમજોરી, નિષ્ફળતા કે અણઆવડતને ફેલાવવી એ પણ વાજબી નથી. પતિ-પત્ની કુટુંબમાં કે સમાજમાં ગુપ્તતા જાળવી વર્તનમાં મર્યાદા ન ઓળંગે તે હિતાવહ છે. બધાંની નજર સમક્ષ રહેવામાં ફાયદો છે. વિભક્ત કુટુંબો થવામાં પરિવારથી દૂર રહેવાનું વલણ જ મુખ્ય ભાગ ભજવે છે. કેટલીક પરિસ્થિતિમાં આ બાબત સમસ્યા સર્જે છે. લોકસંગ્રહ માટે પણ સ્ત્રી-પુરુષે ગુપ્ત મિલન કે મુલાકાત ન કરવી જોઈએ કેમકે એ જ એકબીજાના આકર્ષણનું કારણ બને છે. જેનાં પરિણામો સારાં હોતાં નથી.

પરિવારમાં પણ ગુપ્ત રાખવાની પ્રવૃત્તિ ઘાતક બની શકે છે. ખાસ કરીને બાળકના માનસપર માઠી અસર થાય છે. જ્યારે એનાથી છુપાવીને કોઈ કાર્ય કરો છો. ગુપ્ત રાખવામાં આવતી જરૂરી નાની નાની વાતોના કારણે પરિવારમાં સંપ તૂટે છે. એકતા જળવાતી નથી. અનાવશ્યક પરસ્પર ઘર્ષણ ઊભું થાય છે. વિશેષ તરીકે આર્થિક બાબતો મિલકત કે સંપત્તિ માટે રાખવામાં આવતી ગુપ્તતા પરિવાર તૂટવાના કારણોમાંથી એક કારણ હોય છે.

સમાજ કે સામાજિક સંગઠનો જ્યાં ગુપ્તતા વાદવિવાદનું કારણ બને છે. ખાસ કરીને સંગઠનોના વહીવટમાં કોઈ એક સમૂહથી કેટલીક બાબતો ગુપ્ત રાખીને નિર્ણય લેવાય ત્યારે

સામાજિક કાર્યોમાં સફળતા મળતી નથી. લેવામાં આવતા નિર્ણયો માટે ભલે નાના નાના સમૂહો, કમીટીની રચના થાય પણ લેવાયેલા નિર્ણયો જાહેર થાય, ગુપ્ત ન રખાય અને સર્વ સંમતિથી કાર્ય થાય. કાર્ય માટેનો હેતુ અને આશય સર્વની જાણ બહાર બદલાય ત્યારે પણ સમુદાયમાં નારાજગી પ્રવર્તે છે.

રાષ્ટ્ર અને વિશ્વકક્ષાએ કેટલાંક સંભવિત દૂષણોને ટાળવા ગુપ્તતા જરૂરી અને આવશ્યક છે. એટલે જ ગુપ્તચર સંસ્થાઓ કાર્યરત હોય છે. અનિચ્છનીય પ્રવૃતિ અને સંગઠનો પર નજર રાખવા માટે આ અત્યંત જરૂરી છે.

જ્યારે જ્યારે પણ વસ્તુને સંતાડવામાં આવે કે માહિતી કે કોઈ કાર્યને ગુપ્ત રાખવામાં આવે ત્યારે અવિશ્વાસનું વાતાવરણ સર્જાય છે. એકવાર વિશ્વાસ ગુમાવ્યા પછી બીજી વાર વિશ્વાસ મેળવવો મુશ્કેલ છે. તે ભવિષ્ય માટે અવરોધક બને છે. ડર, ભય, સલામતીની શંકા કે નુકસાનની સંભાવના દેખાય ત્યારે કંઈક સંતાડવામાં આવે છે.

સ્પર્ધાના આ સમયમાં ગુપ્તતાનો આશય એકબીજાથી આગળ વધવાનો છે. સાથે નથી જવું હું આગળ વધુ એ ભાવના છે. આપણે બધા આગળ વધીએ એવી ભાવના નથી. જ્યારે બધાને સાથે રાખીને વિકાસ કરવાની ભાવના હશે તો કંઈ ગુપ્ત નહીં રાખવું પડે. સ્પર્ધા અન્ય સાથે નહીં. સ્વયંની સાથે કરીએ. ગઈ કાલે કર્યું તેના કરતાં આજે સારું કર્યું આવતી કાલે તેનાથી વધુ સારું કરીશ જેમાં ગુપ્ત રાખવા જેવું કશું જ ન હોય.

ગુપ્ત અર્થાત્ જે વ્યક્ત થવા નથી દેતું તે. અન્યની ખામી, નબળાઈ, અણઆવડત દુર્ગુણ જેને જાહેર કરવામાં આપણને કોઈ ફાયદો નથી. ખરેખર તો આ ગુપ્ત રાખવાની જરૂર છે. માનવીની બીન ઉપયોગી વાતને જાણવાની વૃત્તિ ગુપ્તતાને જન્મ આપે છે.

રહસ્ય કે ભેદ યોગ્ય સમયે યોગ્ય સ્થળે અને યોગ્ય વ્યક્તિની સામે ખોલવામાં આવે તો તેની યથાર્થતા જળવાય રહે. અહીં સમાવવાની શક્તિ મદદરૂપ નીવડે છે. સમાવવું એ શક્તિ છે છુપાવવું એ અવગુણ છે. જ્યાં સચ્ચાઈ સફાઈ નથી ત્યાં કંઈક છુપાવવું પડે છે. જેના માટે ક્યારેક અસત્યનો સહારો લેવો પડે છે.

વ્યક્તિ સરળ ત્યારે જ બની શકે જ્યારે તેના જીવનમાં ગુપ્ત રાખવા જેવું કંઈ પણ ન હોય. વ્યક્તિને ન કરવા યોગ્ય કાર્ય કરવાનું મન થાય છે ત્યારે જ કંઈક ગુપ્ત રાખવામાં આવે છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 25નું અનુસંધાન)... નકારાત્મકતા**

પણ હોયછે. તે ઘૃણાશીલ પણ હોય છે. આમ જિદ, નિંદા, ઈર્ષ્યા, ઘૃણા જેવી નકારાત્મકતાના કારણે તે વ્યક્તિ વધુ ને વધુ નકારાત્મક બનતી જાય છે.

કોઈ પણ વ્યક્તિની નકારાત્મકતાને હકારાત્મકતામાં પરિવર્તિત કરવી હોય તો તેનો ઉપાય શું? તે વ્યક્તિને શક્તિશાળી સકાશ આપો. કારણ કે તે આત્મા માનસિક રીતે કમજોર હોવાના કારણે તેને નકારાત્મકતા નામનું ભૂત વળગ્યું છે. અમૃતવેળા તેવા આત્માને પરમધામમાં ઈમર્જ કરો. શિવબાબામાંથી નીકળતાં સર્વ-શક્તિમાનનાં શક્તિશાળી રંગબેરંગી કિરણોનો સ્વીકાર કરી તે કિરણોને તે આત્મા પર પ્રતિબિંબિત કરો. આ વિધિ 21 દિવસ કરવી. વળી તે આત્મા પ્રત્યે દિલની સર્વ શ્રેષ્ઠ શુભભાવના શુભકામના રાખવી. તેને દિલની સર્વોચ્ચ દુઆઓ આપો.

**॥ ઓમશાંતિ ॥**

# ક્રોધ પર નિયંત્રણ

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

એક માણસ - નવી નક્કોર જગુઆર ગાડી લઈને ઘેર પહોંચ્યો. આંગણામાં પાર્ક કરીને અંદર ગયો. થોડા સમય પછી બહાર આવીને જોયું તો તેનો નાનકડો 4-5 વર્ષનો દીકરો પથ્થર લઈને કારની ઉપર આડા અવળા લીટા પાડતો હતો. ખૂબ ગુસ્સો આવ્યો. તેના હાથમાંથી પથ્થર લઈને દીકરાના હાથ પર કુટવા માંડ્યો. સાચે જ કહેવાયું છે - ક્રોધાંધ. ક્રોધમાં અંધ બનીને બસ હાથમાં હથેળી-આંગળા પર પથ્થરથી વાર કરતો રહ્યો. બાળકની ચીસો સાંભળીને બધા દોડી આવ્યા. બાળકને હોસ્પિટલ લઈ ગયા. ડોક્ટરે તપાસીને કહ્યું, આંગળીઓ ખરાબ રીતે છુંદાઈ ગઈ છે. કાપી નાંખવી પડશે. બાળકની આંગળીઓ કાપી નાંખીને તેના પર પાટા બંધાઈ ગયા. તે માણસ જ્યારે હોસ્પિટલ પહોંચ્યો ત્યારે બાળકે પૂછ્યું - પપ્પા, મને ડોક્ટર કહે છે કે તારી આંગળીઓ નવી ઉગી નીકળશે. હે પપ્પા, આંગળીઓ ક્યારે ઉગશે ? બાળકની વાતો સાંભળીને તે ખૂબ દુઃખી થઈ ગયો. આંખોમાંથી આંસુ ટપકવા માંડ્યા. ખૂબ પસ્તાવો થયો. થોડીવાર રહીને ઘેર પહોંચ્યો. પોર્ચમાંથી ઘરની અંદર જવાનું મન જ ન થયું. ત્યાં જ અંદર જવાના પગથિયા પર બેસી પડ્યો. મન ઉદાસ, દુઃખી, અશાંત, અજંપો... ત્યાં તો તેની નજર પોર્ચમાં ઉભેલી કાર પર પડી. ઓહ. ત્યાં લખેલું હતું - પાપા, આઈ લવ યુ. હૃદય ચીરાઈ ગયું. ઓહ ! મેં આ શું કરી નાંખ્યું... આટલો બધો ગુસ્સો. પણ હવે પસ્તાવાથી શું થઈ શકે ? આમ ક્રોધ નિર્ણય શક્તિ તોડી નાંખે છે. માનવ વિવેકશૂન્ય બની જાય છે.

શાસ્ત્રોમાં માનવના છ શત્રુઓ કહ્યા છે - કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને આળસ. તેમાંય ગીતામાં લખ્યું છે - કામેષુ, ક્રોધેષુ વિજયી ભવ... આમ શત્રુઓને નિયંત્રણમાં રાખીને જ માણસ માણસ તરીકે પ્રગતિ કરી શકે છે. મનના આવેગો, નિરાશા, હતાશા, અભિમાન, અપમાન, ઈર્ષ્યા, દ્વેષ, નિષ્ફળતા, અસંતુષ્ટતા વગેરે આપણા મનમાં ક્રોધ જન્માવે છે. આવેગોનો નાશ અથવા ઓછા કરવા માટે તેને સકારાત્મક મોડ આપવો જ સારું. તે માટે મેડિટેશન - ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. મેડિટેશનથી મન શાંત થાય છે, સકારાત્મક બને છે, Let go (છોડવું - ભૂલવું) કરવાની શક્તિ આવે છે. માફ કરવા માટે મન તૈયાર થાય છે.

સામાન્યપણે એક માન્યતા છે કે ક્રોધ સ્વાભાવિક પ્રક્રિયા છે, તેને સમાપ્ત ન કરી શકાય. પણ અનેક રાજયોગી ભાઈ-બહેનોનો અનુભવ છે કે ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસથી ક્રોધ પર નિયંત્રણમાં સફળતા મળે છે.

ક્રોધ આવવાને સમયે મનને બીજી દિશામાં વાળવાથી પણ ક્રોધથી મુક્ત થઈ શકાય છે. ગુસ્સો આવે તો કહેવાય છે કે કોઈપણ રમત રમવા જતું રહેવું, કે મનમાં 1 થી 100 અને 100 થી 1 એમ ગણવા માંડવું. ગુસ્સાના સમયે ચૂપ રહેવું અને ગુસ્સાની માત્રાના પ્રમાણે 5 મીનીટ, 1 કલાક, એક દિવસ પછી તેને પ્રદર્શિત કરવો તો તેનો આવેગ ખૂબ ઘટી જશે. પશ્ચિમી લેખક સમરસેટ મોમ ખૂબ ગુસ્સો આવે તો લખવા બેસી જતા.

જાપાનમાં કેટલીક ઈન્ડસ્ટ્રીઝમાં એક રૂમ

બનાવવામાં આવ્યો. બોસ પર જ્યારે ગુસ્સો આવે ત્યારે તેમાં જવાનું અને તેમાં રાખેલા રબ્બરના પૂતળાને બોસ સમજીને તેને ફટકારવાના. પણ થોડા દિવસ પછી જોવામાં આવ્યું કે લોકો વારંવાર તે રૂમમાં જવા માંડ્યા. આ તો એવું થયું કે ગુસ્સાના સંસ્કાર વધારે દૃઢીભૂત થવા માંડ્યા. એટલે તે રૂમ બંધ કરી દેવો પડ્યો. આમ ઉપરોક્ત ઉપાયો ગુસ્સો તાત્કાલિક ન થાય તે માટેના સ્થૂળ ઉપાયો જ છે. સાચો ઉપાય તો તેને નિર્મૂળ કરવા ઈશ્વરીય જ્ઞાન તથા રાજયોગના અભ્યાસ દ્વારા મનમાં સકારાત્મક વિચારધારા પેદા કરીને, સહનશક્તિ લેટ ગો કરવાની શક્તિ તથા સ્વયંને અને અન્યને માફ કરવા માટેની માનસિક અવસ્થા બનાવવી.

ક્રોધ એક પ્રકારનું ઈમોશનલ ડીસ્ટર્બન્સ છે. જે વ્યક્તિ ઈમોશનલી સ્ટેબલ હોય તે ગુસ્સા પર સહજ કાબુ પ્રાપ્ત કરી શકે છે. સામેવાળાની વાત સાંભળીને દુઃખ અનુભવાય છે અને તેથી ક્રોધની ઉત્પત્તિ થાય છે. પણ ક્રોધ આવ્યા પછી તે વાત વિસરાઈ જાય છે કે સામેવાળાની ઈચ્છા આપણને દુઃખ પહોંચાડવાની હતી કે નહીં. ઈમોશનલી આપણે ડીસ્ટર્બ થઈએ ત્યારે ક્રોધ આવે છે.

રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું કે મનની પીડાને સ્પષ્ટરૂપે વ્યક્ત કરવામાં અસમર્થતાના સમયે ક્રોધ વધુ આવે છે. ક્રોધ આપણી સહનશક્તિને અસર કરે છે. ક્રોધ લાગણી( Emotions )ને અસર કરે છે. ઘણીવાર અસહાયતા કે નિરાશાની લાગણી થઈ આવે છે ત્યારે ક્રોધ વધુ આવે છે. ધીમી ગતિએ ચાલતા વાહન કે રીક્ષા પાછળ ચલાવતા આપણે સતત હોર્ન મારીએ અને તે સાઈડ ન આપે તો ખૂબ ગુસ્સો આવે. આપણી વાત કોઈને સમજાવી ન શકીએ કે તે ન માને કે આપણને જોઈએ તે રીતે વાતનો નીવેડો (પરિણામ) ન આવે તો ગુસ્સો આવે. જરૂરી ફોન ન લાગે કે સામેવાળો ન ઉઠાવે તો ગુસ્સો આવે. ઘરનો દરવાજો બંધ હોય ત્યારે ખોલાવવા બેલ મારીએ પણ કોઈ જલ્દી ન ખોલે તો પણ ગુસ્સો આવે. કોઈ સામું બોલે, જૂઠ્ઠું બોલે કે નાના-મોટાનું ધ્યાન ન રાખે તો પણ ગુસ્સો આવે. કોઈ આપણી અવગણના કરે, તિરસ્કાર કરે, વ્યવહારમાં કટુતા દર્શાવે તો પણ ગુસ્સો આવે. સામેવાળાની આમન્યા રાખીને તેના આક્ષેપોનો જવાબ ન આપી શકીએ તો પણ દબાયેલો ગુસ્સો આવી જાય. આમ જ્યારે પણ લાગણી ઘવાય ત્યારે ગુસ્સો આવે છે. આપણે રાખેલી અપેક્ષાઓ ફળીભૂત ન થાય તો પણ ગુસ્સો આવે છે.

વડોદરાની જેલમાં કેટલાય વર્ષોથી રાજયોગના ક્લાસીસ ચાલે છે. તે સબબે જવાનું થયું. તો ત્યાં એક ભાઈ મળ્યા. ખૂબ સાદા સીધા લાગતા ભાઈ. પૂછ્યું કે કેવી રીતે અહીં આવ્યા. કહે કે હું રીક્ષા ચલાવીને કમાણી કરતો હતો. એક વખત આખો દિવસ અને રાત્રિ સુધી રીક્ષા ચલાવીને રાત્રે 11 વાગ્યે ઘર પર પહોંચ્યો. ખૂબ થાકેલો હતો. ઘર પર મોટાભાઈ ટીવી જોતા બેઠા હતા. અમારા બંને પરિવારો એક જ ઘરમાં રહેતા હતા. મેં દાખલ થતાં જ કંટાળાના ભાવ સાથે કહ્યું - ભાઈ, ટીવી બંધ કરો મને ટીસ્ટર્બન્સ થાય છે. મોટાભાઈ કહે કે આજે આ ખાસ સમાચાર આવે છે, જોઈ લઉં એટલે પાંચેક મીનીટમાં બંધ કરી દઈશ. મેં કહ્યું, ના, હમણાં જ બંધ કરો. મોટાભાઈએ કહ્યું એમ બંધ નહીં થાય. થોડીવાર પછી જ બંધ થશે. તું શું કરી લઈશ ? એટલે મને ગુસ્સો આવ્યો અને ત્યાં જ લોખંડની પરાઈ પડેલી હતી લઈને તેમના માથામાં મારી દીધી. ત્યાંને ત્યાં જ તેઓ મૃત્યુ પામ્યા. તેમના ખૂન બદલ મને જેલની સજા થઈ જોયું.. કેટલી નાનકડી વાત, કેટલી થોડી સેકંડોનો આવેશ અને એક સાથે બે કુટુંબો

બરબાદ થઈ ગયાં. બંને યુવાન વયના. એકનું મૃત્યુ થયું અને તેના જ ખૂન નિમિત્તે બીજાને જેલ પણ હવે પસ્તાવાથી શું થઈ શકે ?

મનોવિજ્ઞાન એવું પણ કહે છે કે નાનપણમાં જો પ્રેમ -સ્નેહ ન મળ્યો હોય તો તે અજ્ઞાતપણે મનમાં સંગ્રહાતું જાય અને મોટી ઉંમરે વિદ્રોહ તરીકે, ગુસ્સો, વેરભાવના પ્રગટે - પતિ, પત્ની, બાળકો કે પરિવારના અન્ય સભ્યો અથવા સમાજ પ્રત્યે આક્રોશ, ક્રોધ સ્વરૂપે પ્રગટે. આતંકવાદ પણ તેની જ અભિવ્યક્તિ કહી શકાય.

કેટલાક વળી કોઈ પ્રેમથી વાત કરે તો પણ તે ગુસ્સાથી જ બોલે અથવા વર્ષે છે. મિસ્ટર વિમલ પણ બેઠા હતા. કમલને ખૂબ લાંબા સમય સુધી ચૂપચાપ બેઠેલા જોઈને વાતચીત કરવાના ઈરાદાથી વિમલે કહ્યું - ભાઈ સાહેબ, જુઓ તમારો રૂમાલ તમારા હાથમાંથી સરકીને નીચે પડી ગયો છે. આ સાંભળીને આભાર માનવાને બદલે તેમના પર ગુસ્સો કરતાં કમલે કહ્યું - રૂમાલ મારો છે. તે નીચે જાય કે ઉપર જાય તેની સાથે તમારે શું મતલબ ! તમારો કોટ સીગરેટથી બળી રહ્યો છે, તો પણ હું કશું બોલું છું તો તમે શા માટે બકબક કરી રહ્યા છો! આમ કેટલાક સતત અંદરથી ધુંધવાયેલા જ હોય છે. એક ગામમાં વઢકણી વહુ રહે, તે બધાની સાથે લડતી જ રહે, કૂવે પાણી ભરવા જાય કે કપડાં ધોવાના હોય પણ લડાઈ તો થાય જ. એકવાર કૂવે પાણી ભરવા ગઈ. કૂવા પર કોઈજ નહીં કૂવામાં ખાલી ઘડો નાંખ્યો. પાણી ભરાય ત્યારે હવા ઘડામાંથી બહાર નીકળતા. ડુબુક ડુબુક અવાજ આવ્યો તો કૂવામાં નજર કરીને કહે કે તારો બાપ ડુબુક, તારો દાદો ડુબુક, તારો આખો પરિવાર ડુબુક. આમ ગુસ્સો દબાઈને સ્વભાવમાં ઉતરી જાય એમ બને.

એવું ખાસ જોવામાં આવ્યું છે કે જ્યાં માલિકીભાવ હોય ત્યાં ગુસ્સો આવે છે. મા-બાપનો બાળકો પ્રત્યેનો માલિકીભાવ હોવાને કારણે બાળક જ્યારે કહ્યું ના માને ત્યારે ગુસ્સો આવી જાય છે. પતિનો પત્ની પર કે પત્નીનો પતિ પર, બોસનો એમ્પ્લોયી પર ગુસ્સો આવે છે. પણ શું ગુસ્સો કરવાથી કાર્ય થાય છે. ના, થોડા સમય સુધી એમ થાય, પણ લાંબા ગાળે આ વિચારધારા નુકશાનકારક બને છે.

બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં એક ચીફ એન્જીનીયર આવતા. કર્તવ્યનિષ્ઠ હોવાને કારણે કાર્ય ન થાય તો ખૂબ ગુસ્સો આવે. તે સ્વભાવ બની ગયેલો. કોઈને પણ પોતાની કેબીનમાં કાર્ય અર્થે બોલાવે તો એમ્પ્લોયી તેમની કેબીનમાં જતાં ડરે. બોલાવે ત્યારથી જ બધા ભયભીત થઈ જાય. પણ તે કાંઈ પણ પૂછે તો લડી પડશે તેવા ડરના માર્યા જૂઠું બોલી દે. કોઈ મેટર, જવાબ કે ફાઈલ ન મોકલાવી હોય તો પણ કહી દે - સાહેબ મોકલી દીધી છે. અને સાહેબને તેમના ઉપરી અધિકારી પાસેથી લઢ ખાવી પડે કે ફાઈલ પહોંચી નથી અને તમે આવો ખોટ્ટો જવાબ કેમ આપો છો. બ્રહ્માકુમારીઝમાં રાજયોગનો કોર્સ કર્યો. રોજની મુરલી સાંભળવાની શરૂ કરી. ધીરે ધીરે સ્વભાવમાં પરિવર્તન આવવા માંડ્યું. ધીરજ આવી, અન્યના ડરને અને પોતાના ગુસ્સાને સમજી શક્યા. પ્રેમ, ધીરજ અને શાંતિથી વ્યવહાર કરવા માંડ્યા. તેઓ પોતાનો અનુભવ વર્ણવતાં કહેતા - કે હવે હું કોઈને પણ બોલાવું તો તે પોતાની સાચી વાત કહે છે. એટલે ફાઈલ ન ગઈ હોય, જવાબ મોકલવામાં વિલંબનું સાચું કારણ જાણે એટલે પછી એમ્પ્લોયી પોતે મોડા સુધી બેસીને પ્રેમથી કાર્ય પૂરું કરીને જ જાય. એટલે ગુસ્સા કરતાં. ધીરજ, પ્રેમથી કાર્ય સહજ થાય છે, સરળ થાય છે અને ટેન્શન વગર કાર્ય પૂર્ણ થાય છે.

આપણેને નાનપણથી જ ન તો માતાપિતાએ કે શિક્ષકોએ, વડીલોએ જણાવ્યું છે કે ગુસ્સો કરવાથી કામ થાય એ માન્યતા જ ખોટી છે. તેઓએ પણ ગુસ્સાથી કામ કરાવ્યું છે. પણ વાસ્તવિકતા એ છે કે પ્રેમ, ધીરજ અને શાંતિથી ખૂબ કામ થાય છે. તેવા વાતાવરણમાં કાર્ય કરવાથી ઉમંગ ઉત્સાહ વધે છે, કાર્યક્ષમતા વધે છે. મનોવૈજ્ઞાનિકો કહે છે -5 મિનીટ પણ ગુસ્સો કરવાથી એક કલાક સુધી મનની એકાગ્રતા તૂટી જાય છે. મન ડીસ્ટર્બ થઈ જાય છે, વ્યગ્ર બને છે, વ્યર્થ વિચારો કે નકારાત્મક વિચારોનો ક્રમ મનમાં ચાલવા માંડે છે.

જેમ તાવ આવે ત્યારે દવા લઈએ એટલે તાવ તરત નથી ઉતરી જતો પણ ધીરે ધીરે ઉતરે છે. એમ ઉપરોક્ત રીતે શાંતિ, પ્રેમ, ધીરજથી કાર્ય લેવાથી સફળતા તરત જ મળે, પણ ધીરે ધીરે મળતી જાય છે. અને મનની શાંતિ, એકાગ્રતા બની રહે છે. જ્યારે કોઈ કાંઈ બોલે અને આપણને ગુસ્સો આવે તેનો અર્થ એ જ કે આપણી લાગણીનું રીમોટ કન્ટ્રોલ ખુદની પાસે નથી પણ કોઈ અન્યના હાથમાં છે. તે જેમ ચાહે તેમ આપણી લાગણીને ઉશ્કેરી શકે છે, ડિસ્ટર્બ કરી શકે છે, આપણને ગુસ્સામાં લાવી શકે છે. અશાંત કરી શકે છે. એટલે આપણું રીમોટ કન્ટ્રોલ આપણા હાથમાં જ રહે તે ઈચ્છનીય છે. ધીરજ ન ખોવી તે જરૂરી છે.

આજે તો ધર્મની બાબતમાં સહેજ પણ ઉંચાઈ નીચાઈ આવે તો માનવીને ગુસ્સો આવી જાય છે. પણ મહાત્મા બુદ્ધના જીવનની વાત જાણવા જેવી છે. તેમના શિષ્યોને ધર્મના પ્રચાર-પ્રસાર માટે અન્ય પાસે જવાની વાત કરી ત્યારે સાથે તેમણે પૂછ્યું કે -‘ તમે તેમની પાસે જશો ને તેઓ તમારી ધર્મની વાતો નહીં સાંભળે તો શું કરશો ?’ શિષ્યો - ‘ તો અમે સમજીશું કે સારુંછે કે તેઓ અમને લડતા નથી.’ ‘અગર તમારી સાથે લડાઈ કરશે તો ?’ - ‘ તો અમે સમજીશું કે સારું છે કે તેઓ અમને મારી તો નથી નાંખતા.’ - ‘અગર મારશે તો ?’- ‘તો સમજીશું કે ધર્મની વાતો કરતાં કરતાં મૃત્યુ પણ આવે તો તેના જેવું જીવનમાં બીજું સારું શું કહેવાય. માનવીએ આ હદે ક્રોધ પર વિજય મેળવવાની જરૂર છે.

સ્વયં પરમપિતા પરમાત્મા શિવબાબા કહે છે કે વિકારોની કે માયાની સેનામાં મુખ્ય રાજા કામ વિકાર છે તો ક્રોધ તેનો વજીર છે. એટલે જ ક્રોધ પર વિજય પામવો કઠિન છે પણ અશક્ય તો નથી જ. તે માટે પરમાત્મા કહે છે તેમ ‘બુરામત દેખો, બુરામત સુનો, બુરામત બોલો’ પણ સાથે બુરા મત સોચો, બુરા મત કરો.’ સદ્‌વિચાર બહુ જ જરૂરી છે. એટલે વૈચારિક પરિવર્તન લાવવાની જરૂર છે. સાથે પરમાત્માએ કહ્યું છે ‘(જીવન કે)અંત તક સહન કરના હૈ. પત્થર ભી હથોડે કે ઘાવ સહન કરતા હૈ તો મૂર્તિ બન પૂજનીય બન જાતા હૈ.’ સહનશક્તિ જ શાંતિની જનની છે. સૌથી અગત્યની વાત કરતાં પરમાત્મા કહે છે કે - ‘ક્રોધ કરનેવાલે, નિંદા કરનેવાલો પર ભી ફુલ બરસાઓ.’ માના સ્નેહપૂર્ણ મીઠા બોલો. ‘સબકે પ્રતિ સદ્‌ભાવના શુભભાવના રખો.’ જેમ વૃક્ષને પથ્થર મારનારને વૃક્ષ સામો પથ્થર ના મારતું ફળ આપે છે. ઠીક એ જ રીતે સામેની વ્યક્તિ પ્રત્યે ભાવ રાખો.

બ્રહ્માકુમારીઝનું સુંદર ગીત છે કે -‘ સદ્‌ગુણ અવગુણ કે કારણ કોઈ હીરા હૈ, કોઈ પત્થર હૈ. ધરતી પર સ્વર્ગ બસા દેના, હે માનવ તૂઝ પર નિર્ભર હૈ..’ એટલે ગુસ્સો પેદા કરીને ધરતીની નર્કમય પરિસ્થિતિને વધુ બગાડવી કે પ્રેમ, સહનશક્તિ, ધીરજ, શાંતિની શક્તિથી ધરતી પર સ્વર્ગ બનાવવું તે આપણા જ હાથની વાત છે.

**(અનુસંધાન પેજ નં. 23 પર)**

# જીવનને ઉન્નત બનાવનાર - વિશેષતા

બ્ર.કુ. હેમનાબેન, ખોરજ, અમદાવાદ.

## દિવ્યગુણોં કે ગુલદસ્તે સે જીવન મહેંક જાતા હૈ

એક ફૂલ જ્યાં સુધી કળી કે અર્ધવિકસિત અવસ્થામાં હોય છે ત્યાં સુધી તેમાં સુગંધ કે એની કિંમત નહીંવત્ હોય છે. પરંતુ એજ ફૂલ પૂર્ણ વિકસીત બને છે ત્યારે તેમાં સુગંધ પણ ભરપૂર હોય છે. આવા એક ફૂલ કરતાં, જ્યારે વિધવિધ પૂર્ણ રૂપે ખીલેલ ફૂલો 'ગુલદસ્તા'ના રૂપમાં હોય ત્યારે એ ગુલદસ્તાની રોનક અનોખી જ હોય છે. અને એની કિંમત કલ્પના બહારની વધી જાય છે.

વિશેષતાઓનું પણ કંઈક એવું જ છે. માનવી એટલે જ વિશેષતા. વ્યક્તિત્વ નિખારવામાં વિશેષતા અગત્યનો ભાગ ભજવે છે. દરેક માનવોમાં કોઈકને કોઈક વિશેષતા ભરેલી હોય છે. કોઈમાં સમયપાલનની, દૃઢતાની, સંગીતકલા, નૃત્યકલા, દિવ્ય સદ્ગુણોની ધારણા ઈત્યાદિ અને આપણા મીઠા મીઠા, પ્યારા પ્યારા બાબા પણ એજ વાત વારંવાર યાદ અપાવતા રહે છે કે ભલે કોઈનામાં નવ્વાણું ટકા દુર્ગુણો હશે જ. તેને જો પ્રોત્સાહિત કરવામાં આવે તો ક્રમશઃ દુર્ગુણો ઓછા થઈ, એ વ્યક્તિ સામાન્ય માનવમાંથી 'વ્યક્તિ વિશેષ' બની જાય. બાબા ઉપરાંત આપણાં શાસ્ત્રો ઉપનિષદો પણ કહે છે કે કોઈની બુરાઈઓ ન જોતાં, એની વિશેષતાનાં ગુણગાન કરીને, પ્રેરણા આપી, કેટલીકવાર 'આંખ' બતાવીકે ક્યારેક ધક્કા મારી, સ્ટેજ ઉપર મોકલવાની પણ જરૂર પડે છે. જેમ કે 'સાયગલ'.

## વિશેષતાની માત્રા

વિશેષતા હોવી એ સામાન્ય બાબત છે. એજ વિશેષતા એના પૂર્ણ રૂપમાં સો ટકા હોવી તે વિશેષ બાબત છે. દાખલા તરીકે 'સહનશીલતા' કોઈ તમને ગાળ આપે, અપશબ્દ કહે, નિંદા કરે, તેવા સંજોગોમાં નવ વખત સહન કરી લીધું કોઈ પ્રતિકાર ન કર્યો પરંતુ દસમી વખતે સહનશીલતા ગુમાવી, સામનો કર્યો, એલફેલ બોલ્યા, તો તેને સો ટકા સહનશીલતા ના કહેવાય.

## વિશેષતાઓનું સંમિશ્રણ

આગળ વધતાં એક વિશેષતાની અવેજમાં, એક કરતાં વધુ વિશેષતાઓ સાથે સાથે હોય અને તે પણ દરેક એની સંપૂર્ણ માત્રામાં હોય તે માનવીને ઉચ્ચતા તરફ દોરી જાય છે.

## સંલગ્ન વિશેષતાઓ

આથી પણ આગળ વધતાં, સંલગ્ન વિશેષતાઓ જેવી કે ગંભીરતા, રમણિકતા, નાટ્યકલા, સહૃદયતા ઈત્યાદિ આવી સંલગ્ન વિશેષતાઓ માનવીને વિશેષ વ્યક્તિ બનાવી દે છે.

## વિશેષતાઓનું સંકલન અને સંતુલન

ઉપરોક્તથી પણ આગળ વધતાં, વિશેષતાઓનું યોગ્ય સંકલન અને યોગ્ય સંતુલન યાને યોગ્ય વિશેષતાનો, યોગ્ય સ્થાન પર, યોગ્ય વાતાવરણમાં, યોગ્ય માત્રામાં અને યોગ્ય રીતે ઉપયોગ માનવીને મહામાનવ, પૂજનીય માનવમાં ગણનાપાત્ર બનાવે છે. જીવનને ઉન્નત બનાવે છે.

## પ્રત્યક્ષ પ્રમાણ

અગણિત દાખલાઓ છે. વિશેષતાઓના ભંડાર રામ, ગાંધીજીને કોણ નહીં જાણતું હોય. સત્ય અને અહિંસાના માધ્યમથી એમણે વિશ્વમાં

મહાનતા પ્રાપ્ત કરી. તેમણે બ્રિટીશ સલ્તનતનો પણ સૂરજ અસ્ત કર્યો. ભારતને આઝાદી અપાવી.

આધ્યાત્મિક બાબતોમાં સ્વામી વિવેકાનંદ પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા, રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ ઘોષ, રમણ મહર્ષિ ઈત્યાદિ મહામાનવોએ પોતાનું નામ રોશન કર્યું છે.

**માતેશ્વરી જગદંબા સરસ્વતીજીનો પ્રતાપ**

માતેશ્વરીજીમાં આઠ વિશેષતાઓ હતી. સહનશક્તિ, સમાવવાની શક્તિ, પરખ શક્તિ, નિર્ણય શક્તિ, સામનો કરવાની શક્તિ, સમેટવાની શક્તિ, વિસ્તારને સંકીર્ણ કરવાની શક્તિ, સહયોગ શક્તિ. જીવનમાં આવનારી ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓ, સ્વાસ્થ્ય વગેરેમાં અશરીરી રહ્યાં. મમ્માની મુરલી વિખ્યાત છે. તેમણે બાબાએ કહેલી સર્વ વાતોને જીવનમાં ઉતારી. આવી અનેક વિશેષતાઓ, ગુણો અને શક્તિઓથી સંપન્ન મમ્માનું જીવન દિવ્યગુણોના ગુલદસ્તાથી મહેંકતું હતું.

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 08નું અનુસંધાન)... અમૃતધારા**

કોઈ થોડું પણ સાંભળે છે, છતાં પણ તેને સારું લાગે છે. ઘણા વર્ષોથી જ્ઞાન લેનારા વિચારી રહ્યા છે કે નવા આવનારા વિચારશે નહીં. તેઓ સાચું કહે છે. આ તો કામની વાત છે. ટોટલ અંદરથી આવે છે, બાબા આપે જે આપ્યું છે, તે કમાલ છે. આપણે જોઈ રહ્યા છીએ કે પોતાના બનાવીને આપણને સુધાર્યા છે. તો આપણે કેટલા સુધર્યા છીએ તે પોતે જ જોઈએ. આ રીતે સુધરી જાય તો એકપણ ખામી ના દેખાય. દેખાય દે છે તો સેવા શું થશે ? તેથી કોઈ કમી ના હોય.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 15નું અનુસંધાન)... ઈન્ટરનેટ અને**

પ્રકંપનોથી આપણે સત્-અસત્, સાર-અસારને ઓળખી શકીએ છીએ.

આધ્યાત્મિક જ્ઞાન અને સહજ રાજયોગનો અભ્યાસ આપણને પાવન બનાવે છે. તેથી સાધનો પર આધારિત થશો નહીં. આપણે આપણી આંતરિક અંતરનેટની સુવિધાઓનો લાભ લઈએ. જ્યાં વ્યક્તિ અને સાધનનો સાથ હોતો નથી ત્યાં અંતરનેટનો આધાર જ આપણને સાચું માર્ગદર્શન આપશે. અંતરનેટ આપણને પ્રભુ સ્નેહથી જોડે છે અને ઈન્ટરનેટના ઉપયોગને માયાજાળ બનાવવાતી રોકે છે.

---

**(પેજ નં. 21નું અનુસંધાન)... ક્રોધ પર નિયંત્રણ**

સાચે જ કહેવાયું છે કે - 'પ્રેમ પત્થર કો ભી પાની કર દેતા હૈ ! ક્રોધ કરનેવાલે કે ઘરકે મટકે ભી સુખ જાતે હૈ.' કહેવાયું છે કે 'પ્યારમેં તાકાત હૈ દુનિયા કો ઝૂકાનેકી, વર્ના ક્યા જરૂરતથી રામકો જુઠે બેર ખાનેકી'

તો ચાલો, આપણે સૌ પ્રેમની તાકાત સમજી, ક્રોધને આપણા જીવનમાંથી તડીપાર કરી, એક નવીન સમાજ સુખ, શાતિ સંપન્ન દુનિયા, સ્નેહ-સુખમય સંસારનું નિર્માણ કરીએ તો આવો છો ને?

॥ ઓમશાંતિ ॥

- **બ્રહ્માવત્સ જીવનનો આધાર પરમાત્મ પ્રેમ છે. જ્યારે ન્યારા બનીશું ત્યારે તે મળશે.**
- **પ્રેમ, સુખ, શાંતિ અને આનંદના સાગરમાં સદા સમાયેલા બાળકો જ સાચાં તપસ્વી છે.**
- **તમે રામ સંપ્રદાયના બની જશો તો રાવણ સંપ્રદાય રહેશે નહીં.**

# નકારાત્મકતા વિરુદ્ધ હકારાત્મક

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

નેગેટીવ -પોઝીટીવનું સર્જન મનમાં થાય છે. છે તો બન્ને વિરોધાભાષી પરંતુ બન્નેનું સર્જન એક જ કેન્દ્રસ્થાનેથી થાય છે. તે છે મન. કહેવાય છે કે એક મ્યાનમાં બે તલવાર રહી ના શકે. પરંતુ અહીં તો મનરૂપી તલવારમાં બન્ને અસ્તિત્વ ધરાવે છે. બંનેનું ઉત્પાદન એક જ સ્થળેથી થાય છે. બંનેના ઉત્પાદનમાં ટકાવારી હોય છે એટલેકે નકારાત્મક વિચારો અને હકારાત્મક વિચારો આ બન્નેનું ઉત્પાદન દરેક વ્યક્તિના મનમાં સરખું થતું નથી. હકારાત્મક વિચારો કરવા માટે મહેનત કરવી પડતી હોય છે જ્યારે નકારાત્મક વિચારો સરળતાથી થઈ જતા હોય છે. કારણ કે નકારાત્મક વિચારો કરવાનો અભ્યાસ વર્ષોથી છે. હકારાત્મક બનવા માટે કહેવું પડતું હોય છે કે હકારાત્મક બનો. પરંતુ નકારાત્મક બનવા માટે કહેવું પડતું નથી હોતું કે નકારાત્મક બનો. વર્તમાનસમયમાં આજકાલ મનુષ્યમાં નકારાત્મકતા સ્વાભાવિક બની ગઈ છે અને સ્વાભાવિકતાને તેઓએ સંસ્કાર બનાવી દીધો છે. સરેરાશ એક દિવસમાં મનુષ્ય અંદાજિત 70 થી 75% નકારાત્મક વિચારો કરતો હોય છે.

મનુષ્યાત્માના મનમાંથી જે વિચારોનું સર્જન થાય છે તેનાથી આસપાસનું વાતાવરણ કે પ્રભામંડળ કે ઔરા પણ જે તે વિચારો અનુસારનું જ રચાય છે. નકારાત્મક વિચારો હોય તો આસપાસનું વાતાવરણ કે પ્રભામંડળ કે ઔરા પણ નકારાત્મકતાવાળું રચાય છે. પરિણામ સ્વરૂપ આવાં નકારાત્મક વિચારોવાળા વાતાવરણમાં કોઈ રચનાત્મક કે સકારાત્મક કાર્ય થઈ શકતું નથી. નકારાત્મકતાનો પ્રભાવ બહુ પડે છે. નકારાત્મક વિચારોવાળી વ્યક્તિ જ્યારે નકારાત્મકતામાં ભોજન બનાવે છે ત્યારે તે ભોજનમાં નકારાત્મકના વાયબ્રેશન આવી જાય છે. આવું ભોજન જે વ્યક્તિ સ્વીકાર કરે છે ત્યારે તે વ્યક્તિમાં પણ નકારાત્મકતા આવ્યા વગર રહેતી નથી એટલે જ કહ્યું છે કે જેવું અન્ન તેવું મન, જેવો આહાર તેવો વ્યવહાર, જેવું અન્ન તેવો ઓડકાર. તેથી જો આપણે કોઈ રચનાત્મક, સકારાત્મક, હકારાત્મક કે આધ્યાત્મિકતા, કાર્યોમાં સફળતા મેળવવી હોય તો આવા નકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિના હાથનું ભોજન કદી સ્વીકારવું નહીં. વિકારોમાંનો કોઈ એક પણ વિકાર કે દુર્ગુણોમાંનો કોઈ એક પણ દુર્ગુણ ધરાવતી કોઈ વ્યક્તિ હોય કે તામસિક ભોજન સ્વીકારનાર કોઈ વ્યક્તિ હોય તો તે વ્યક્તિ નકારાત્મક જ ગણાય. અન્નનો પ્રભાવ મન પર પડે જ છે. તેવું માત્ર આધ્યાત્મિકતા કહેતી નથી બલ્કિ વિજ્ઞાન પણ કહે છે. જ્યારે તમે ભોજન બનાવતાં હો અથવા ભોજનનો સ્વીકાર કરતાં હો ત્યારે અચાનક નકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિ તમારા કિચન સુધી પહોંચી જાય અને તેની નકારાત્મક દૃષ્ટિ તમે જે ભોજન બનાવી રહ્યાં છો અથવા ભોજનનો સ્વીકાર કરી રહ્યાં છો તેના પર પડે તો તે ભોજનમાં નકારાત્મક વાયબ્રેશન સૂક્ષ્મ જીવાણુંની જેમ ફેલાઈ જાય છે. તેની નકારાત્મક અસર તમારા શરીર કે મન પર થયા વગર રહેતી નથી. તેથી જો શાણા માણસો હશે તો તેઓ આવા સમયે કિચન સુધી નહીં આવે. તેઓ એવું કહેશે કે ‘સારું તમે જમી લો અમે બહાર બેસીએ છીએ.’

ભક્તિમાર્ગમાં ભક્તિ કે પૂજા કે જ્ઞાનમાર્ગમાં

યોગ અમૃતવેળાએ વહેલી સવારમાં જ કરવામાં આવે છે કારણકે તે સમયે નકારાત્મક વિચારો ધરાવતા મનુષ્યો ગાઢ નિદ્રામાં ઊંઘતા હોય છે એટલે તે સમયે વાતાવરણમાં એટલી નકારાત્મકતા હોતી નથી જેટલી દિવસના સમયમાં હોય છે. વહેલી સવારમાં નકારાત્મકતાનું વિઘ્ન હોતું નથી તેથી બાબા સાથે યોગ જલદી લાગે છે. બાકી પરમધામમાં તો અમૃતવેળા અને નુમાશામના સમયે વાતાવરણ હકારાત્મક હોય છે તે સમયે માયા પ્રહાર કરતી નથી તેથી યોગની ગહનતાનો અનુભવ થઈ શકે છે.

નકારાત્મકતા એ એક માનસિક ચેપી રોગ છે. મનોવિકાર છે. આવી વ્યક્તિના વિચારો નિમ્ન કક્ષાના હોય છે. તેના વિચારોમાં સર્જનાત્મકતા હોતી જ નથી. તે હર હંમેશ નિરુત્સાહી તેમજ ઉદાસીન હોય છે. નકારાત્મકતા એ પૂર્વ જન્મોના સંસ્કારોની ઉપજ છે. નકારાત્મકતા વ્યક્તિની એ એક એવી કમજોરી છે કે તે વ્યક્તિ પ્રગતિના સોપાન સર કરી શકતી નથી. તે વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં હતાશા, નિરાશાનો અનુભવ કરતી જોવા મળે છે. નકારાત્મકતા એ વાયરલ જન્ય રોગ છે કે જે ઘરમાં એક વ્યક્તિને થાય તો તેનો ચેપ હકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિને પણ થઈ શકે છે. નાના બાળકો આ રોગના ભોગ જલ્દી બની જતાં હોય છે. બાળકો એટલે કુમળો છોડ, જે બાજુ વાળો તે બાજુ વળે. સબકોન્સીયસ મનના જાગૃતિ સમય કાળ દરમિયાન જ નકારાત્મક ધરાવતી વ્યક્તિ નકારાત્મક વિચારો વધારે સક્રિય બને છે.

સદીઓથી નકારાત્મકતા વિરુદ્ધ હકારાત્મકતા વચ્ચે સૂક્ષ્મમાં તેમજ સ્થૂળમાં યુદ્ધ ચાલતું આવ્યું છે. આ સમાજમાં નકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિઓનો જન સમુદાય વધારે છે જ્યારે હકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિઓનો જન સમુદાય બહુ ઓછો છે. તેથી જો સમસ્ત સમાજનું અધઃપતન થયું હોય તો આવી નકારાત્મક વિચારો ધરાવતી વ્યક્તિઓના જન સમુદાયના કારણે જ. નકારાત્મકતા એ સમાજનું દૂષણ છે, અભિશાપ છે.

જેવી રીતે હકારાત્મક કર્મની જન્મદાત્રી હકારાત્મક વિચાર છે તેવી રીતે નકારાત્મક કર્મની જન્મદાત્રી નકારાત્મક વિચાર છે. કહેવાનો ભાવાર્થ વિચારોએ બીજ છે અને કાર્ય એ વટવૃક્ષ છે. વૈચારિક બીજનું વાવેતર પહેલા તો મનમાં થાય છે. જેટલું મન શુદ્ધ, પવિત્ર અને ફળદ્રુપ એટલે કે હકારાત્મક હોય તેટલા વિચાર પણ શુદ્ધ, પવિત્ર અને ફળદ્રુપ એટલે કે હકારાત્મક વિચાર ઉત્પન્ન થાય અને ત્યાર પછી તેવાં હકારાત્મક વિચારો હકારાત્મક કાર્યમાં આવે. તેથી પહેલા તો મનને બદલો જ્યાં સુધી મન નહીં બદલે ત્યાં સુધી વિચારો નહીં બદલે અને જ્યાં સુધી વિચારો નહીં. બદલે ત્યાં સુધી કર્મો નહીં બદલે. મન બદલો, ચિંતન બદલો, બદલો નિજ સંસ્કાર, બદલો નિજ સંસ્કાર, સંસ્કાર જબ બદલેગા તબ સંસાર બદલેગા.

વર્તમાન સમયમાં આજના કેટલાક મનુષ્યોના શરીરમાં અનેક પ્રકારના શારીરિક રોગ સર્વવ્યાપી છે. આ તમામ રોગો થવાના કારણોમાં પહેલું કારણ જો જોવા જઈએ તો તે છે નકારાત્મક વિચારો. જેમ જેમ તેનામાં નકારાત્મકતા વધતી જાય તેમ તેમ રોગ ઘર કરતો જાય. નકારાત્મક વિચારો ધરાવનાર વ્યક્તિ કોઈ પણ વાત કે બાબતને મોટાભાગે અવગણે છે. તે જિદ્દી હોય છે. તે નિંદક હોય છે અર્થાત તે કોઈની પણ પ્રશંસા કરી શકશે નહીં. અને સ્વાભાવિક છે કે જે નિંદક હોય તે ઈર્ષ્યાખોર

**(અનુસંધાન પેજ નં. 17 પર)**

# જીવન ચરિત્ર

બ્ર.કુ. મધુબેન, બાંટવા

માનવ જીવનનો સમય કેટલો ? 100 વર્ષની અંદરનો જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય તેને જીવન કહે છે. આપણું જીવન ખૂબ અમૂલ્ય છે. આ માનવજીવનમાં આપણને સુંદર શ્રેષ્ઠ તક છે. સતકર્મ કરવાની, પુણ્યકર્મ કરવાની, પ્રભુ પ્રાપ્તિની, દુઆઓ, આશીર્વાદ કમાવવાની, જીવન ચરિત્રને શ્રેષ્ઠ બનાવવાની.

કેટલું જીવન જીવ્યા એ મહત્ત્વનું નથી કેવું જીવન જીવી ગયા એ મહત્ત્વનું છે. તો આપણે આપણા જીવન ચરિત્રને શ્રેષ્ઠ બનાવીએ.

આપણામાં કહેવત છે - ધન ગયું તો કહે છે, કાંઈ નથી ગયું.

શારીરિક તંદુરસ્તી ગઈ તો કાંઈક ગયું છે,

પરંતુ જેનું જીવન ચરિત્ર ગયું તો બધું જ ગયું.

એકવાર જીવન ચરિત્ર પર કલંક લાગે છે તે કાયમ રહી જાય છે. ભલે વ્યક્તિ સુધરી જાય પરંતુ લોકોની નજરમાંથી પડી જાય છે. એકવાર વ્યક્તિ લોકોની નજરમાંથી ઉતરી જાય છે પછી લાખ પ્રયત્ન કરે છતાં એને લોકો હીનતાની દૃષ્ટિથી જ જુએ છે. તો આપણે આપણું જીવન ચારિત્ર્ય એટલું સુંદર બનાવીએ જેમાં કોઈ કલંક ન હોય.

કહે છે કે,

ઘોડે સે ગિરા સંભલ સકતા હે,

નજરોં સે ગીરા સંભલ નહીં સકતા.

એક રાજાના રાજ્યથી દૂર જંગલમાં એક મહાત્મા રહેતા હતા, નાની ઝૂંપડીમાં ખૂબ તપસ્યા કરતા અને રાજ્યના લોકો તેમને મળવા જતા અને જે મળવા જતા તેમને સતસંગ કરાવતા સારા વિચારો આપતા લોકો ખૂબ ખુશ થતા. એકવાર રાજાને કોઈએ કહ્યું કે મહારાજ, આપણા રાજ્યની થોડે દૂર જંગલમાં મહાત્માજી લોકોને સતસંગ કરાવે છે. ખૂબ જ સુંદર વિચારો આપે છે. તો રાજા સતસંગના શોખીન હતા. તેમણે તેમના સેનાપતિને કહ્યું કે જાઓ તમે મહાત્માજીને કહો કે અમારા રાજમહેલમાં સાત દિવસ પધારો અને અમોને સતસંગ કરાવો. સેનાપતિ ગયા જંગલમાં. મહાત્માજીને મળે છે, વાત કરે છે કે અમારા રાજાજીની ઈચ્છા છે આપ અમારા રાજમહેલમાં પધારો અને સાત દિવસ સતસંગ કરાવો. સેનાપતિની વાત સાંભળી મહાત્માએ વિચાર કરીને કહ્યું ભલે હું આવીશ. રાજાના નિમંત્રણને માન આપી મહાત્મા સતસંગ કરાવવા પહોંચી ગયા. સાત દિવસ સતસંગ ચાલ્યો પછી રાજા મહાત્માનું સન્માન કરે છે. ભેટ સૌગાદ આપે છે. અને રાજા કહે છે મહાત્માજી તમારા સતસંગમાં ખૂબ આનંદ આવ્યો. સતસંગનાં ખૂબ વખાણ કર્યાં ત્યારે મહાત્માજીએ કહ્યું કે સતસંગથી પણ ઉંચી ચીજ છે. તો રાજાએ કહ્યું કે સતસંગથી ઉંચી ચીજ કોઈ નથી. મહાત્માએ કહ્યું ના સતસંગથી ઉંચી ચીજ છે. તે હું સમય આવે બતાવીશ. આમ કહી મહાત્માજી ચાલ્યા ગયા. અઠવાડિયા પછી સાંજના સંધ્યા સમયે એક કાળાં કપડાંવાળો ચોર મોઢું ઢાંકી મહેલમાં ઘૂસ્યો. મહેલમાં જ્યાં રાજાનો ખજાનો હતો એ તરફ આગળ વધ્યો ત્યાં રાજાના સિપાઈ જોઈ ગયા અને તેને પકડી લીધો. રાજા સમક્ષ હાજર કરે છે. રાજા તેને મોઢું ખોલવાનું કહે છે. તો તે ચોર મોઢું ખોલ્યું અને કાળા કપડાં ઉતારી નાખ્યા જોયું તો તે કેસરી કપડાવાળા સંત મહાત્મા. રાજા અવાક બની ગયા આ શું ? મહાત્મા તમે...

તમે તો ખૂબ સુંદર સતસંગ કરાવો છો. અને તમે ચોર બન્યા, ત્યારે મહાત્માજી એ કહ્યું કે હે રાજન, આપે કહ્યું કે સતસંગથી ઉંચી કોઈ ચીજ નથી ત્યારે મેં કહ્યું કે સતસંગથી ઉંચી ચીજ છે. એ છે મનુષ્યનું જીવન ચરિત્ર એટલે ભલે લોકો સતસંગ કરે પરંતુ જીવનમાં પરિવર્તન ન કરે, પોતાના સ્વભાવ સંસ્કારને ન સુધારે ખરાબ આદતો ને ન છોડે તો ખાલી સતસંગ કરે એનો કોઈ ફાયદો નથી.

તો આપણું જીવન એવું હોય, લોકોની સામે એક આદર્શ ઉદાહરણ.

લોકો આપણને જોઈને સારું શીખે. આપણા જીવન ચરિત્રમાંથી પ્રેરણા લે.

ખરેખર માનવ જીવન પ્રભુ તરફથી મળેલ એક ભેટ છે. જેને આપણે ખૂબ શ્રેષ્ઠતાથી વીતાવવાનું છે. આપણું જીવન થોડુંક જ છે. આપણા જીવનનો સમય વ્યર્થમાં, પાપ કર્મમાં, કોઈને દુઃખ દેવામાં, કોઈને લૂંટી લેવામાં, ચોરી કરવામાં, કોઈની ઈર્ષા કરવામાં ગુમાવવાનો નથી.

કબીરે કહ્યું છે, ‘જબ તું આયા ઈસ ધરા પે, જગત હશે તું રોય, પર ઐસી કરની કર કબીરા તુમ હસે જગ રોય.’

જ્યારે આ સંસારમાં આપણો બાળક રૂપે જન્મ થયો ત્યારે બાળક રડતું હતું. ઉવાં તુવાં કરતું હતું એટલે હે ભગવાન, તું ત્યાં અને હું અહીં રહી ગયો. ભલે આપણે આ સંસારમાં આવ્યા, જગતના લોકો પરિવાર હસે છે. મુખ મીઠું કરે છે કે બાળકનો જન્મ થયો. પરંતુ એવું જીવન જીવી જઈએ હસતાં હસતાં પ્રભુને દ્વાર જઈએ. અને લોકો આપણને યાદ કરે અને કહે બેન ખૂબ સારાં હતાં યા ભાઈ ખૂબ સારા હતા. જેમનું જીવન ચરિત્ર ખૂબ શ્રેષ્ઠ હતું એમનાં કર્મ ખૂબ શ્રેષ્ઠ હતાં.

જેવી રીતે ખેતરમાં વાવેલાં બીજ બધા અંકુરત નથી થતાં પરંતુ આપણા જીવનમાં જે આપણે સતકર્મ યા પાપ કરીએ છીએ એ બીજ ક્યારેય વ્યર્થ નથી જતાં એટલે કહે છે. જેવું કર્મ તેવું ફળ, સારા કર્મનું ફળ સુખ શાંતિ અને સદ્ગતિ મળે છે. ખરાબ કર્મનું ફળ દુઃખ અશાંતિ અને દુર્ગતિ થાય છે. આપણા જીવનને શ્રેષ્ઠ ચારિત્રવાન બનાવવા માટે આપણે ખુદ જવાબદાર છીએ બીજા કોઈ નથી. તો પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં અપાતું આધ્યાત્મિક જ્ઞાન તથા રાજયોગ મેડીટેશનથી આપણા જીવનને શ્રેષ્ઠ ચારિત્ર્યવાન બનાવવાની શક્તિ મળે છે. આપણા જીવનમાં ખૂબ જ સહજ અને સરળતાથી પરિવર્તન આવે છે.

**॥ ઓમશાંતિ ॥**

# યોગ-વિયોગ

**બ્ર.કુ. ગોવિંદભાઈ, મેમનગર, અમદાવાદ.**

વિયોગથી છૂટો પડી, હું યોગથી જોડાઈ ગયો,
ગઈ હતાશાને નિરાશા, મુજથી તે ભાગી હવે,
નવપ્રેમ અંકુરો ફૂટ્યાં, તૂટેલ હૈયે મુજ તણા,
આનંદ આવ્યો દોડતોને, થનગનાટ થયો દિલે.
આ તન-મન નાચી ઉઠ્યાં, પહેલાં હતાં મર્કટ સમાં,
અંધકારને ઉલેચી એક દિવ્યપુંજ આવી મળ્યો.
જ્યાં જ્યાં ફરું, ત્યાં ત્યાં બધે, હર કાર્યે સ્મૃતિ રહે,
હું આ નથી, તું તે નથી, અહીં જે દિસે તે વ્યર્થ છે.
આ ચર્મચક્ષુની દૃષ્ટિ વડે, મેં દીઠાં દૃશ્યો બધાં,
તે તે બધાંને ભૂંસતો, હું કંઈ અગોચર ભાળતો.
અજ્ઞાન અંધાર ઉલેચતો ખુદ શક્તિ બની ગયો,
અસમર્થ ત્યજી સમર્થ બન્યો, ઝોળીઓ ભરપૂર બની.
એ આપતો રહ્યો, હું વહેંચતો રહ્યો.
ભંડાર પ્રભુનો પ્રેમથી, બધે લૂંટાવતો રહ્યો.

**॥ ઓમશાંતિ ॥**

# કર્મ કલમ

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

લેખનકળા શરૂ થઈ ત્યારથી જ કલમનો ઉપયોગ શરૂ થયો હશે. પુરાણકાળમાં ઋષિ-મુનિઓ ભોજપત્ર પર સરૂની સળીથી, પીંછાથી, લાકડાની સળીની ટોચથી, વનસ્પતિના રંગોમાં પલાળીને, તેમના જ્ઞાનને, અનુભવને લખી માનવજાત માટે અર્પણ કરી, ત્યારથી કલમની શરૂઆત થઈ એમ કહેવાય. જેના વડે લખાણ લખાય, તે સાધન / વસ્તુને માટે કલમ, કિત્તો, લેખની - એવા શબ્દો પ્રયોજાય છે. કલમ, ગ્રેફાઈટ પેન્સિલ, શાહીપેન, કાર્બન પેન, ફ્લોજેલ પેન - એમ ઉત્તરોત્તર કલમની કાયા અને કરિશ્મા બદલાયા. આ તો થઈ ભૌતિક કલમો, સ્થૂલ કલમોની વાત. પરંતુ કર્મની કલમ સ્થૂલ કલમ નથી. દૃશ્યમાન નથી. સ્થૂલ કલમનું લખાણ કદાચ સેંકડો વર્ષ ચાલે પણ યુગો સુધી ન ચાલે. જ્યારે કર્મની કલમથી લખાયેલ લખાણ, જન્મજન્માન્તર સુધી ચાલે. પૂરા કલ્પ સુધી ચાલે. ભક્તિમાર્ગમાં એવી માન્યતા છે કે શિવપુત્ર, કાર્તિક સ્વામીની પત્ની ષષ્ઠીદેવી, જે સ્વયં વિધાત્રી દેવી છે તે બાળકના જન્મના છઠ્ઠા દિવસે તે બાળકની જન્મપત્રિકા - જન્મકુંડળી લખે છે અને તે અનુસાર તે આત્માના તે જન્મ દરમિયાન તે વ્યક્તિના જીવનમાં દુઃખ, સુખ, શાંતિ, સમૃદ્ધિ, અન્ય વ્યક્તિ સાથેની લેણ-દેણ બની રહે છે. પરંતુ બાબાએ આપેલા જ્ઞાન મુજબ કંઈક જૂદુ છે. આત્માએ કરેલ કર્મોથી બનેલા ભાગ્ય મુજબ જીવનમાં દુઃખ, સુખ, સમૃદ્ધિ, સંબંધોની લેણ-દેણ મળે છે.

પરમપિતા પરમપિતા શિવબાબા સંગમયુગના સમયે વતન છોડી તેમના સંતાનોનો સાથ નિભાવવા સાકારી દુનિયામાં આવ્યા છે. સંગમયુગનો સમય કલ્યાણકારી છે. બ્રહ્માવત્સો જે સત્કર્મો કરે છે તેનું અનેકગણું ફળ મળે છે, પદ્મગુણા ફળ મળે છે. ભાગ્ય તો પોતાના કર્મોના હિસાબે દરેકને મળે છે. દ્વાપરથી અત્યાર સુધી દરેક બ્રહ્માવત્સને કર્મ અને ભાગ્યના હિસાબ-કિતાબમાં આવવું પડે છે, પરંતુ વર્તમાન સમયના ભાગ્યવાન યુગમાં, ભગવાન ભાગ્ય આપે છે. આ સમયે જ ભગવાન ભાગ્યની શ્રેષ્ઠ ભાગ્યરેખા ખેંચવા, શ્રેષ્ઠકર્મો રૂપી કલમ પોતાના બાળકોના હાથમાં આપે છે. આ 'કર્મકલમ'થી શ્રેષ્ઠ, સ્પષ્ટ જન્મજન્માન્તરના ભાગ્યની ભાગ્યરેખા ખેંચી શકો છો. સંગમયુગ સિવાયના, કલ્પના કોઈપણ સમયે આવું વરદાન બાબા આપતા નથી. ખેડૂતો કહે છે. ખેડ, ખાતર અને પાણી નસીબને લાવે તાણી. આ સંગમયુગે, બ્રહ્માવત્સો માટે બાબાની યાદ, યજ્ઞસેવા, યોગ તપસ્યા અને જ્ઞાન ધારણાનો પુરુષાર્થ એ ખેડ છે. બ્રહ્માવત્સોના શ્રેષ્ઠ કર્મો એ ખાતર છે અને બાબાના કલ્યાણકારી વરદાનો એ પાણી છે. સમજાયું ? ભગવાને પોતે, તમને ખુદને પોતાના ભાગ્યવિધાતા બનાવ્યા ! તમારા કરતાં બીજા કોઈનું શ્રેષ્ઠ ભાગ્ય હોઈ શકે ?

કોઈ ધાર્મિક / સામાજિક સંસ્થાના સંચાલક, વ્યક્તિ પાસે વિકાસ કાર્ય માટે ફંડફાળો લેવા જાય અને દાન કરનાર વ્યક્તિ પોતાના બેંક ખાતાનો ચેક તે સંસ્થાના સંચાલકને આપે અને કહે કે હું સહી કરું છું. રકમ તમે જાતે ભરી લો. સંચાલક રકમ કેવી રીતે લખશે ? તો બ્રહ્માવત્સને પોતાના બાપ પાસેથી લેવાનું હોય ત્યારે કેવી રીતે લેશે ? બાબા તો બધા જ ખજાના ભરપૂર કરીને ભંડારી

બનેલા છે. બાબા કહે છે, સંગમયુગે મારા બધા જ ખજાના ખુલ્લા રાખું છું. દરવાજા પર તાળું મારતો નથી, જેને જે જોઈએ જેટલું જોઈએ, એટલું લઈ જાઓ ? જો આત્મા યથાશક્તિ લેશે તો થોડું ક જ લેશે, પરંતુ બાબાની યાદ, યોગ તપસ્યા, યજ્ઞ સેવા અને જ્ઞાન ધારણાનો પુરુષાર્થ કરી, બાબા પાસેથી શક્તિઓ મેળવી પછી લેશે તો સંપૂર્ણ થશે. બાબાના સાથની શક્તિથી મહત્તમ મેળવો તો જ તમારી ભાગ્યરેખા લાંબી થાય. અને તેની પ્રાપ્તિઓ જન્મજન્માતર ચાલશે. બાબા દાતા છે, સંગમયુગે વરદાતા છે. બાબા સંગમયુગે બ્રહ્માવત્સો પાસે જ્ઞાન આપી, પુરુષાર્થ કરાવી આત્માને પોતાનો ભાગ્યવિધાતા બનાવે છે. બાબા રોજ અમૃતવેળાએ બાળકોને યાદ કરાવે છે કે મારા ભંડાર તો ભરપૂર છે. જેટલું જોઈએ એટલું લો. પરંતુ 63 જન્મના ભક્ત બનેલા બાળકો થોડામાં જ ખુશ થઈ જાય છે. કારણ કે ભક્તિ માર્ગમાં તો અલ્પ સુખ મળે છે અને એક જ જન્મ પૂરતું. સંગમયુગનો સમય સર્વ પ્રાપ્તિઓનો સમય છે એ ભૂલી જાય છે, એટલે જ બાબા યાદ કરાવે છે કે સમર્થ બનો, હજુ મોડા પડ્યા નથી. બાબા પાસેથી બાપના રૂપમાં વારસો લો. બાબા બાપના રૂપમાં વારસો આપે છે. બાબા કહે છે અધિકારના રૂપે વારસો લો. બાબા સત્ગુરુના રૂપે વરદાનો આપે છે તેથી સત્કર્મો કરો, સમર્થ બનો, ભાગ્ય બનાવો અને સત્કર્મોથી અક્ષત્ લાંબી ભાગ્યરેખા બનાવો.

સવારે અમૃતવેળાએ યોગમાં બેસી બાબાના ખજાનાથી ભરપૂર બનીને દાતા બનો. શાંતિ દાન કરો, શક્તિ દાન કરો, ગુણદાન કરો. દાન કરો અને સ્વયંનું ભાગ્ય બનાવો. મનસા સેવા પણ ભાગ્ય બનાવવાનું શ્રેષ્ઠ સાધન છે. મીઠી જ્ઞાનયુક્ત વાતથી જ્ઞાનદાન કરો. આત્મા આત્માને મળે ત્યારે બાબાની યાદ અપાવો અને યાદ કરો, યજ્ઞસેવાની વાતો કરો, મુરલીના મહાવાક્યોની ચર્ચા કરો. બાબાના સંદેશા અન્ય આત્માઓ સુધી પહોંચાડો. આ રીતે વાચા કર્મથી પણ ભાગ્ય બનાવો. યજ્ઞ સેવામાં થતા ખર્ચાઓમાં સહયોગ કરીને પણ ભાગ્ય બનાવો. દરેક કર્મમાં બાબાને યાદ કરી બાબાને સાથે રાખી કર્મ કરો. બાબાની યાદમાં કરેલું દરેક કર્મ શ્રેષ્ઠ સત્કર્મ હશે. સ્વચિંતન કરી પોતાની કમી કમજોરીઓ ઓળખો અને ત્યજી દો. બાબા પાસેથી શક્તિઓ મેળવી તમારા શ્રેષ્ઠ કર્મ કરવામાં ઉપયોગ કરો. એવા શ્રેષ્ઠ કર્મ કરી ચીલા ચાતરો કે જેને જોઈને અન્ય આત્માઓ માટે પથદર્શક બનો. પરંતુ યાદ રાખજો તમે જેવું કર્મ કરશો તેને જોઈને અન્ય આત્માઓ પણ તમારા જેવું કર્મ કરશે. સત્કર્મનું ફળ તો સારું હશે જ, પરંતુ તમારા કરેલા વિકર્મો દેખીને અન્ય આત્માઓ જે વિકર્મ કરશે તેનો દશાંશ કર્મબોજ તમારા પર ચઢશે ? તેથી શ્રેષ્ઠ સત્કર્મ કરી અન્ય આત્માઓ માટે પથદર્શક બનો. ભાગ્ય બનાવો અને સત્કર્મની કલમથી ભાગ્ય રેખા લાંબી ખેંચો.

સમય થોડો છે. Too Lateનું બોર્ડ લાગ્યું નથી પણ લાગવાનો સમય તો નજીક જ છે. ઉઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્તિ માટે તીવ્ર પુરુષાર્થ કરો. બાપ સમાન દાતા, વિધાતા, વરદાતા બની સ્વયંની કર્મ કલમથી શ્રેષ્ઠ લાંબી અને સક્ષત ભાગ્યરેખા બનાવો એવી શુભકામના શુભભાવના સહ ....

**॥ ઓમશાંતિ ॥**

- **દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ, બુદ્ધિને વિશાળ અને મુખને મધુર બનાવનાર જ મહાન છે.**

## દિવ્યદર્શન

# પુનઃ સાચા રામરાજ્યની સ્થાપના એક નિરાકાર રામ દ્વારા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

દૈવી અને આસુરી કે સત્ય અને અસત્ય, આ બન્ને માનવીના જીવનના વિશેષ પાસાંઓ છે. જેમાંથી સર્વ સામાન્ય રીતે મોટા પ્રમાણમાં લોકો અસત્ય અથવા આસુરી પક્ષ બાજુ ખૂબ ઝડપથી અંજાઈને આકર્ષિત થઈ જાય છે. તેનું કારણ એ છે કે, તેમાં તે ભોગ-વિલાસ, ભૌતિક દેહ, પદાર્થો, વસ્તુ અને વ્યક્તિઓ સુખ અને મનોઆનંદની સંભાવનાને વિશેષ રૂપે જુએ છે. બીજી બાજુ દૈવી પક્ષમાં જવાથી ત્યાગ, તપસ્યા, સેવા, પરમાર્થ જેવી શરૂઆતમાં અઘરી લાગનારી જીવનની ધારણાઓને અપનાવવી પડે છે માટે જ મોટા ભાગના લોકો શરૂઆતથી જ આસુરી પક્ષ તરફ આકર્ષિત થાય છે. પરંતુ આમ કરતાં સમયે એમને એ વાતનું ધ્યાન નથી રહેતું કે આ તો માત્ર ચાર દિવસની ચાંદની છે. (એટલે કે ક્ષણભંગુર છે માત્ર થોડી પળો માટે જ છે) અને આનું અંતિમ પરિણામ ક્યારેય શુભ નથી આવતું. આજે સંસારના પ્રત્યેક દુઃખોનું કારણ મનુષ્યની આ જ અજ્ઞાનતા છે. કોઈપણ આ વાતને સ્વીકારવા તૈયાર નથી.

આપણે સૌ કોઈ સારી રીતે જાણીએ છીએ કે, દુનિયામાં ચારે બાજુ આજે અપાર દુઃખ-અશાંતિ છે. પરંતુ એનું કોઈ કારણ જાણવા માટે આપણે પોતાની જાતને અમુક પ્રશ્નો પૂછવા જરૂરી છે અને એ પ્રશ્ન એ છે કે, શું ભગવાને જીવન જીવવાના જે નિયમ માનવને બનાવીને આપ્યા છે કે કહ્યાં છે એનું અમલ કે પાલન તે કરી રહ્યો છે ? ક્યાંક એવું તો નથી કે ઈશ્વરના બધા નિયમ અને મર્યાદાઓને ભૂલાવીને, મનુષ્યે પોતાની મનની મત ઉપર નવા નિયમો બનાવી દીધા છે.

મનુષ્ય સિવાયના અન્ય બધા જ પ્રાણીઓ ઈશ્વરના બનાવેલા નિયમ અનુસાર પોતાનું જીવન વ્યતીત કરે છે. દાખલા તરીકે, ગાય ભૂખી મરી જશે પરંતુ માંસ ક્યારેય નહીં ખાય, સિંહ મરી જશે પણ ઘાસ ક્યારેય નહીં ખાય, ચકલી પોતાના બનાવેલા જ માળામાં જ રહે છે, ઉંદર પોતાના બનાવેલા દરમાં જ રહે છે. જંગલી જાનવરો જંગલમાં, પાણીના જાનવર પાણીમાં તેમજ ઘરેલું જાનવરો ઘરોમાં જ નિયમાનુસાર પોતાનું જીવન વ્યતીત કરે છે, પણ મનુષ્ય આજે શું નું શું કરી રહ્યો છે ? પોતાને માટે સુંદર મકાનો-બંગલાઓ, સુંદર બાગ -બગીચાઓ, હરવા-ફરવાના અનેક સાધનો, બેસુમાર ધન-સંપત્તિ, પ્રકૃતિ ઉપર દરેક પ્રકારે નિયંત્રણ જળ, વાયુ, અગ્નિ, પૃથ્વી, આકાશ ઉપર વિજ્ઞાનના ચમત્કારો દ્વારા પોતાની માલિકીનું અભિમાન રાખનારો મનુષ્ય શું પોતાની જાતને નિર્ભય, દયાળુ, કૃપાળુ, પરોપકારી, સ્નેહી, હર્ષિત, સુખી, સંતુષ્ટ તેમજ નિર્વિકારી કહી શકે છે ? આપણે સહુ આ કળિયુગી સાધનો પાછળ આંધળા થઈને એ ભૂલી ગયા છીએ કે આપણા દૈવી ગુણો ઉપર વિકારોની ધૂળ જામી ગઈ છે. તેથી એ ધૂળને સાફ કર્યા બાદ જ આપણે આપણી પોતાની જાતને ઓળખી શકીશું.

કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, દેહ અભિમાન, આળસ જેવા દુઃખદાયી વિકારો આપણા જીવનમાં પોતાની મેળે જ આવી જાય છે. આ વિકારોને લાવવાની કોઈ મહેનત કરવી નથી પડતી. તે ક્યારે આપણી અંદર પ્રવેશ કરી જાય છે તેની ખબર સુદ્ધાં પણ નથી પડતી. પણ તેને દૂર

કરવા માટે તેમજ તેના સંકજામાંથી છુટકારો મેળવવા માટે ખૂબ જ આકરી મહેનત કરવી પડે છે. આજે ભલે આપણે ડબલ મેકઅપ કરીને પોતાનો ચહેરો દેવી-દેવતાઓના ચિત્રો કરતાં પણ વધુ સુંદર બનાવી દઈએ, પણ શું ખરેખર ચિત્રો પણ એમના જેવા જ આપણે બનાવી શકીએ? ચિત્રોની નકલ કરવી તો સરળ છે પણ ચરિત્ર પણ તેમના જેવું જ બને તેના માટે ખૂબ અથક બનીને પુરુષાર્થ કરવો પડે તેમ છે અને તે પણ અત્યારે હમણાં જ કરવો પડશે કારણ કે સમય હવે ખૂબ જ નાજુક અને ઓછો રહી ગયો છે. આપણે સહુ એ જોઈ જ રહ્યા છીએ કે કુદરતી આપત્તિઓ ભયંકર વિકરાળ રૂપ ધારણ કરતી જાય છે અને માનવતા સૌથી નીચલી કક્ષાએ જઈ રહી છે. અત્યારે સમગ્ર દુનિયાને પરિસ્થિતિમાંથી પસાર થતાં જોઈ રહ્યાં છીએ, જે પરમાત્માએ વર્ષો પૂર્વે કહ્યું હતું. કે, આ દુનિયામાં એવી એક ભયંકર બીમારી (જેનું નામ અત્યારે કોરોના વાયરસ આપેલ છે.) ફેલાશે કે જે રોગની કોઈ દવા જ નહીં હોય. જે ખૂબ જ ઝડપથી એકબીજામાં ફેલાશે અને લોકો હોલસેલના મોતમાં મરી જશે. એકબીજા પાછળ કોઈ સંતાપ કરવા માટે પણ નહીં હોય. એ રોગની એવી મહાભારી સંક્રામકતા હશે કે તે ખૂબ જ ઝડપથી એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેલાશે (આ જે રોગની શરૂઆત ચીન દેશમાં થઈ આજે વિશ્વના બીજા દેશો સુધી તેનો પ્રસાર થઈ ચૂક્યો છે.)

એક જ પરમાત્માના સંતાનો આપસમાં અનેક પ્રકારના ગ્રુપ બનાવીને એક-બીજાના લોહીના તરસ્યા થઈ ગયા છે. વર્ષોથી આપણે રામરાજ્યના મોટા-મોટા સ્વપ્ન તો જોઈ રહ્યા છીએ, પરંતુ વાસ્તવિક દૃશ્ય તો કંઈક અલગ જ દેખાઈ રહ્યું છે. રામરાજ્યની કલ્પના કરનાર મહાત્મા ગાંધી બાપુનું પણ એજ એક સ્વપ્ન હતું કે, રામરાજ્યની સ્થાપના થાય. એની સામે આજે મનુષ્યોએ રાવણરાજ્યની સ્થાપના કરી દીધી છે. જરાક પોતાની જાતને પ્રશ્ન પૂછો કે, શું રામ રાજ્યમાં મોંઘવારી હશે? નિર્દોષો ઉપર અત્યાચાર થશે? ચોરીઓ થશે? કોઈની સાથે છેતરપિંડી થશે? વડીલોનું અપમાન થશે? સિગારેટ, દારૂ, તમાકુ, અફીણ જેવા વ્યસનો હશે ? જરાય નહીં, તો પછી શું આ સ્વપ્ન માત્ર સ્વપ્ન જ બનીને રહેશે? ક્યારેય સાકાર નહીં થાય? ના, એવું નથી. આપેલા દૈવી ગુણોને પુનઃ પોતાની અંદર જાગૃત કરીને, એ ગુણોના પ્રકાશથી અન્યોને જીવનનો અંધકાર દૂર કરીને એક નવી સતયુગી સૃષ્ટિનું નિર્માણ કરવું પડશે. આ કાર્ય કાન દ્વારા સાંભળવામાં અજુકતું અને મુશ્કેલીભર્યું લાગે છે એટલું જ મુશ્કેલ પણ નથી. જો આપણે સૌ એક લક્ષ્ય અને એક દૃઢ સંકલ્પ લઈને આગળ એક કદમ વધારીશું તો હવે, રામરાજ્ય દૂર નથી, બસ સામે જ છે.

ગીત - **અબ રામજી કી નીકલી હૈ સવારી... રામજી કી લીલા હૈ ન્યારી...**

॥ ઓમશાંતિ ॥

- **પોતાને સુધારવા માટે ધ્યાન આપો. દૈવી ગુણ ધારણ કરો. બાપ કદી કોઈના ઉપર નારાજ થતા નથી. શિક્ષણ આપે છે. એમાં ડરવાની વાત નથી.**
- **ફળની રાહ જોયા વગર સદા શુભ ભાવનાનાં બીજ દરેક આત્મામાં નાખો.**
- **શ્રેષ્ઠ આત્મા એ છે જે સ્વસ્થિતિ દ્વારા પરિસ્થિતિને પાર કરે.**
- **શ્રેષ્ઠ તથા નિઃસ્વાર્થ સંકલ્પોની સિદ્ધિ અવશ્ય થાય છે.**

# કૃપાળુ - કિરતાર

બ્ર.કુ. કરમશીભાઈ, સુખશાંતિભવન, મણિનગર, અમદાવાદ.

સાધુ, સંત, મહંત હોય મહાત્મા
સંન્યાસી, ઋષિ મુનિ હોય ધર્માત્મા
દૈવીગુણોથી ભરપૂર ભલે હોય દેવાત્મા
જન્મ, મરણ કે ભોગતા જ છે આત્મા
સઘળા દેહધારી જ છે જીવાત્મા
ભલે દેહધારી ગુરુ હોય તો પણ આત્મા
ગજબના ભિન્ન ગુરુઓ તે પણ મનુષ્યાત્મા
ગમે તેમ અલ્પજ્ઞ જ છે સદા આત્મા
વિકર્મ થકી જ બને છે પતિત આત્મા
દેવ-દાનવ કે દેહધારી છે સદા આત્મા
રામ, કૃષ્ણ ... ને સૌ માને છે પરમાત્મા
માનવું, હોવું ને છે તેમાં જ અંતર સદા
દેહધારી છે જ માતપિતાની રચના સદા
સૃષ્ટિ રંગમંચપર વેશભજવે જ છે આત્મા
આ કોઈ જ નથી જગપાલનહાર સઘળા
દેહધારી લેખરાજદાદા પણ છે આત્મા
જ્યારે નિરાકાર શિવ આવે આ તન દાદા
ત્યારે જ બને ભાગીરથ કે પ્રજાપિતા બ્રહ્મા
આત્માની ગર્ભ દ્વારા જન્મજયંતી સદા
દેવી-દેવતાની જન્મ જયંતી તિથિ માસ સદા
જ્યારે પરમનૂર નિરાકાર મહીં આ બ્રહ્મા
ત્યારે જ કહેવાય છે સાકાર બાપદાદા.
આબુ પર્વત મધુવન છે જ ચૈતન્ય દિલવાલા
યાદગાર સામે જ છે ચૈતન્ય દિલવાલા
ભલે શિવ, શંકરને એક કહો સદા,
વિચારો, નિરાકાર-સાકાર એક હોય બે અદા ?
શંકર શબ્દ જ દર્શાવે વિનાશકારી સદા
જેમ શિવ શબ્દ જ દર્શાવે કલ્યાણકારી સદા
સમગ્ર સૃષ્ટિ છે જ અવિનાશી રચના સદા
નર્કને સ્વર્ગ રચે જ શિવ રચયિતા સદા
હર આત્મા પર સમ દૃષ્ટિ કૃપાળુ શિવની સદા
સત્ ગુરુ એક જ છે શિવ પરમાત્મા સદા
દુઃખહર્તા, સુખકર્તા સદા શિવ સદા
પતિત-પાવન એક જ નિરાકાર શિવ સદા
નિર્વાણધામ સદા નિવાસી, એક જ શિવ સદા
પત્થરાય નમઃ સર્વવ્યાપીય નમઃ ન કોઈકહે
બ્રહ્મા દેવતાય નમઃ વિષ્ણુ દેવતાય નમઃ,
સૌ કોઈ કહે
શંકર દેવતાય નમઃ અંતે શિવ પરમાત્માય નમઃ,
જ સૌ કહે
સર્વજ્ઞ જ છે પરમાત્મા શિવ સદા
શિવશક્તિની યાદગાર શિવરાત્રિ જ સદા
પ્રભુ પરકાયા પ્રવેશ-અવતરણ શિવરાત્રિ સદા,
કૃપાળુ કિરતાર ફક્ત શિવ એક જ સદા.
**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

સુરત ઊધના સેવાકેન્દ્ર દ્વારા 'સર્વધર્મની ઝાંખી' સાથે રેલીમાં PI ભ્રાતા મહેશભાઈ સોલંકી, બ્ર.કુ. કૌશિકાબેન, બ્ર.કુ. રચનાબેન.

સરભાણમાં 'શિવજયંતી મહોત્સવ' નિમિત્તે શિવસંદેશ આપતી શોભાયાત્રામાં બ્ર.કુ. પ્રીતિબેન સાથે બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

ખેડા સેવાકેન્દ્ર પર 'શિવધ્વજ' ફરકાવી શુભેચ્છા આપતાં નિવૃત્ત બેંક મેનેજર ભ્રાતા સી.બી.શાહ બાજુમાં બ્ર.કુ. દક્ષાબેન.

વિજાપુરમાં 'અમરનાથ'ની ઝાંખીમાં નગરપાલિકાના પ્રમુખ સૂર્યાબેન પટેલ, અગ્રણી વ્યાપારી ભ્રાતા ભાઈલાલભાઈ, બ્ર.કુ. કલ્પનાબેન.

બારેજામાં આયોજીત 'શિવદર્શન' ચૈતન્ય ઝાંખીનો શુભારંભે સીતારામ મંદિરના પુજારી સોનુભાઈ જોષી, બ્ર.કુ. વીણાબેન.

મુંબઈ ગોરાઈમાં '૧૨ જ્યોતિર્લિંગ ઝાંખી'માં પધારેલ MP ભ્રાતા ગોપાલ શેટ્ટીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પારુલબેન.

અમદાવાદ ચાંદલોડીયામાં 'મહિલા જાગૃતિ દ્વારા સમાજ પરિવર્તન' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં ડૉ. આરતીબેન પટેલ, સામાજીક કાર્યકર્તા ભગિની શારદાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. આશાબેન.

ધાંગધ્રામાં 'શિવધ્વજા રોહણ'ના કાર્યક્રમમાં બ્ર.કુ. મમતાબેન, શહેર BJP પ્રમુખ સેક્રેટરી ભ્રાતા કિરીટસિંહ જાડેજા, નગરપાલિકાના ઓફિસર ભ્રાતા કિશોરભાઈ ચૌહાણ, બ્ર.કુ. મીનાબેન.

મુદ્રા–કચ્છમાં રોટરી ક્લબ અને મહિલા મંડળ દ્વારા આયોજીત ‘મહિલા જાગૃતિ’ કાર્યક્રમમાં દીપ પ્રગટાવતાં બ્ર.કુ. સુશીલાબેન.

કડીમાં મહિલાઓ માટે ‘ટી–ટૉક’ કાર્યક્રમમાં રોટરી, લાયન્સ, જેસીસ, નારી એકતા, દુર્ગા વાહિની, SHG ગ્રુપની બહેનો સાથે બ્ર.કુ. સંગીતાબેન.

બાજીપુરા ખાતે ‘શિવરાત્રી’ના કાર્યક્રમમાં બ્ર.કુ. અરુણાબેન, સુગર ફેક્ટરીના ઑનર ભ્રાતા સમીરભાઈ, સુરત ડિસ્ટ્રીક્ટ બેંકના ડાયરેક્ટર ભ્રાતા ઉદયભાઈ, SBIના મેનેજર ભ્રાતા સુરેન્દ્રભાઈ.

મુંબઈ મીરારોડના કાર્યક્રમમાં બ્ર.કુ. રંજનબેન, ડૉ. ગીરીશ પટેલ, ફિલ્મ અને સીરીયલ અભિનેત્રી ભગિની જાન્હવી સિંહા, BJP જીલ્લા મહામંત્રી અજયભાઈ, કોરીયોગ્રાફર ડૉ. રેખા દેસાઈ.

અમદાવાદ વટવામાં ‘શિવધ્વજારોહણ’ બાદ સમૂહચિત્રમાં BJP વોર્ડ પ્રમુખ ભ્રાતા સુશીલભાઈ રાજપૂત, બ્ર.કુ. તારાબેન, બ્રહ્માવત્સો.

રાજકોટ મેહુલનગરમાં ૧ લાખ ૮૪ સાબુદાણાના શિવલીંગની શોભાયાત્રામાં બ્ર.કુ. ચેતનાબેન તથા બ્રહ્માવત્સો.

બારડોલીમાં ‘શિવરાત્રી’ના સ્નેહમિલનમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. જયશ્રીબેન બાજુમાં TDO ભ્રાતા બાબુભાઈ પટેલ.

બાંટવામાં ‘શિવ શોભાયાત્રા’ સમયે નગરપાલિકા સદસ્ય ભ્રાતા રંગાભાઈ, BJP પ્રમુખ ભ્રાતા જીતુભાઈ રાઠોડ, બ્ર.કુ. મધુબેન.

ગાંધીનગરમાં 'મહિલા દિને' બ્ર.કુ. કૈલાસબેનનું બહુમાન કરતાં ઓપાલ ગ્રુપના ભ્રાતા પ્રજ્ઞેશભાઈ, હર્ષવર્ધનભાઈ, પત્રકાર કશ્યપભાઈ.

સુરત પરબતમાં 'નારી બને જગકલ્યાણી' સેમીનારમાં દીપ પ્રજ્જવલન કરતાં બ્ર.કુ. ટીનાબેન સાથે અગ્રણી મહિલાઓ.

દીવમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે'ના કાર્યક્રમમાં બ્ર.કુ. ગીતાબેન, કલેક્ટર શ્રીમતી સલૌની રાવ, જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભગિની અશ્વિનીબેન, NCC ઓફીસર ભગિની વિનયબેન, ભગિની તૃપ્તિબેન.

ઓલપાડમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે' કાનૂની શિક્ષણ શિબિરમાં મહિલાઓને કાયદાઓની જાણકારી આપતાં એડવોકેટ મંગલાબેન પટેલ, બ્ર.કુ. મયુરીબેન, એડવોકેટ બલવંતભાઈ તથા નટવરભાઈ.

અમદાવાદ ઈસનપુરમાં 'મહિલા સેમીનાર'માં બ્ર.કુ. નેહાબેન, અખિલ હિન્દુ મહિલા પરિષદના કારોબારી સભ્ય રશ્મિબેન મહેતા, ભારત વિકાસ પરિષદ ભગિની સ્મિતાબેન જોષી, બ્ર.કુ. જાગૃત્તિબેન.

ગોંડલ સેવાકેન્દ્ર દ્વારા 'નારી રત્ન સન્માન' કાર્યક્રમમાં બ્ર.કુ. મયુરીબેન, બ્ર.કુ. ભાનુબેન, સમાજના ઉપપ્રમુખ ભગિની અર્પણાબેન, ડૉ. આશાબેન, મહીલા કૉલેજના પ્રોફેસર રીનાબેન.

શહેરા ખાતે 'મહિલા સશક્તિકરણ' કાર્યક્રમમાં બ્ર.કુ. રતનબેન, સિંધી સમાજના પ્રમુખ જમનાબેન ટેલવાણી, ચંદ્રાબેન મેઘવાણી.

ડીસામાં 'મહિલા દિવસે' સંદેશ આપતાં બ્ર.કુ. સુરેખાબેન, પૂર્વ નગરપાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન, મહિલા મંડળના પ્રમુખ કમલેશબેન.

*Gyan Amrit* Vol.13. | Issue 4 | April 2020| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

અમરેલીના નવનિર્મિત 'દિવ્ય અનુભૂતિ ભવન' સેવાકેન્દ્રના ઉદ્‌ઘાટન સમારોહ તથા ૬ બ્રહ્માકુમારી બહેનોનો 'દિવ્ય પ્રભુ સમર્પણ સમારોહ' કાર્યક્રમમાં આદરણીય ઈશુદાદીજી, ભારત સરકારના કેન્દ્રિય કૃષિ મંત્રી ભ્રાતા પુરુષોત્તમ રૂપાલા, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. રસીલાબેન, બ્ર.કુ. સેમભાઈ, બ્ર.કુ. લલિતભાઈ તથા સભામાં ઉપસ્થિત અન્ય મહાનુભાવો.

વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર દ્વારા આયોજીત કાર્યક્રમમાં રાજમાતા શુભાંગિની ગાયકવાડ, બ્ર.કુ. શિવાનીબેન, USAથી પધારેલ ભ્રાતા શિવીન્દ્રસિંગ ચાવલા, અગ્રણી ઉદ્યોગપતિ ભ્રાતા હેમંતભાઈ શાહ, બ્ર.કુ. રાજબેન, યોગાચાર્ય બ્ર.કુ. હરીશભાઈ વૈદ્ય.

ભરુચ ઝાડેશ્વર સેવાકેન્દ્ર દ્વારા આયોજીત કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર ભ્રાતા ડૉ. એમ.ડી.મોડીયા IAS, બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. પ્રભાબેન, IMAના એડવાઇઝર ડૉ. ભાવના શેઠ, મેડીકલ એસોશીએશનના પ્રમુખ ડૉ. વરીયા.

રાજકોટમાં હેપ્પી વિલેજમાં 'શિવજયંતી' કાર્યક્રમમાં રાજયોગિની ભારતીદીદી, વિઠ્ઠલવાવ આશ્રમનાં ટ્રસ્ટી વજુબાપુ, ત્રંબા પંચાયતના સભ્ય ભ્રાતા પાંચાભાઈ રૈયાણી, JCO ભ્રાતા પ્રેમકુમાર શર્મા તથા શિવલીંગ આકારમાં બેસી વિશેષ યોગાભ્યાસ કરતાં બ્રહ્માવત્સો.

બેલજીયમનાં બ્રુસેલ શહેરમાં યુરોપીયન પાર્લામેન્ટ હાઉસ ખાતે 'જથો આયુર્વેદ દિવસ'ની પરિષદમાં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ બ્ર.કુ. પાયલબેનને 'એમ્બેસેડર ઑફ આયુર્વેદ'નો ખિતાબ આપી સન્માન કરતાં જ્યોફી વેન ઓર્ડન અને ભ્રાતા અમરજીત બ્રહ્મા.

**If Undelivered Please Return To :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com